૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૪,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23
સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃત્તિ
પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૪-૦૯-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા સુદ ૧ વર્ષ : ૨૮ અંક ૩૨૭




## જીઆઇડીસીના હલાણનો છેલ્લા ત્રણ મહીનાથી ઉભો થયેલો ગંભીર પ્રશ્ન વિકરાળ બને તેવી દહેશત : કંટાળેલા લોકો રોડ ઉપર આવ્યા

# અમરેલીમાં જીઆઇડીસીના હલાણ પ્રશ્ને બઘડાટી : ચક્કાજામ

**લાઠી રોડ ઉપર ૬૦ વર્ષ જુના હલાણને જમીન માલીકે સીમેન્ટ ફેન્સીંગ કરી બંધ કરતા સાંજે લોકોએ ફેન્સીંગ તોડી પાડી માર્ગ ચાલુ કરતા જમીન માલિક દ્વારા જેસીબીથી ખાડો કરી દેવાયો**

**ખાડો કરી માર્ગ બંધ કરી દેવાતા વિફરેલા લોકોએ લાઠી રોડ ઉપર રામધુન શરૂ કરી ચક્કાજામ કર્યો : ભાવનગર રોડ બંધ કરાતા પોલીસ દોડી ગઇ : હલાણ ચાલુ કરવાની માંગ સાથે ચક્કાજામ**






અમરેલી,

છેલ્લા ત્રણ મહિનાથી અમરેલી જીઆઈડીસીના હલાણ માટે ચાલતો મામલો આજે બીચક્યો છે અને સાંજે તોડફોડ અને ગરમા ગરમી સાથે લાઠીરોડરેલ્વેફાટકેલોકોદ્વારાચક્કાજામ કરી દેવામાં આવતા પોલીસ તંત્ર ઘટના સ્થળે દોડી ગયુ છે અને ચાર કલાકના ચક્કાજામના અંતે ડીવાયએસપી શ્રી ચિરાગ દેસાઈની ટીમે લોકોને ત્યાંથી દુર હટાવીમાર્ગઉપરવાહનવ્યવહારપુર્વવત કરાવ્યો છે પણ આ મામલે હજુ વધુ માથાકુટ ઉભી થાય તેવા સંજોગો પણ દેખાઈ રહયા છે.

અમરેલીની

(અનુ. પાના નં.૩)

---

### તમામ જગ્યાએ રજુઆતો છતા કોઇ નિરાકરણ ન આવતા

## જીઆઇડીસી અને હનુમાનપરા વિસ્તારનાં લોકો છેવટે વિફર્યા

**રેલ્વે, રાજકીય આગેવાનો, સરકારી અધિકારીઓ સહિત સૌના દરવાજે ધક્કા ખાધા**

અમરેલી,

હલાણ માટે તમામ જગ્યાએ રજુઆતો છતા કોઈ નિરાકરણ ન આવતા જીઆઈડીસી અને હનુમાનપરા વિસ્તારનાં લોકો વિફર્યા હતા કારણકે લોકોએ રેલ્વે, રાજકીય આગેવાનો, સરકારી અધિકારીઓ સહિત સૌના દરવાજે ધક્કા ખાધા હતા અને છેવટે તેમની ધીરજ ખુટી હતી.

આ હલાણ શરૂ કરવા માટે અથવા નવુ હલાણ આપવા માટે લોકોએ અને જીઆઈડીસીએ ભાવનગર



રેલ્વેમાં રજુઆત કરી, ઉચ્ચ નેતાઓને રજુઆત કરી, સરકારી ઉચ્ચ અધિકારીઓને પણ રજુઆત કરી અને તેમણે પણ મુલાકાત કરી છતા કોઈ નિરાકરણ ન આવતા ધંધા રોજગાર બંધ અને રોજના વધારાના પેટ્રોલના ધુમાડાથી જનતા વિફરી હતી.

---

### સાંજે હાંકલા પડકારા સાથે

## હનુમાનપરા તરફથી આવેલ બે હજાર લોકોના ટોળાએ રોડનું ફેન્સીંગ તોડયું

**સિમેન્ટના ફેન્સીંગ કરાયેલા પોલ અને પટ્ટા તોડી નાખ્યાં**



અમરેલી,

અમરેલીનાં લાઠી રોડ રેલ્વે ફાટકે આવેલા હલાણ માટે વપરાતા જીઆઈડીસી વાળા રોડ ઉપર સિમેન્ટના પોલ અને પટ્ટાથી ફેન્સીંગ કરાયેલી જગ્યાને બે હજાર જેટલા લોકોના ટોળાએ આવી તોડફોડ કરી હલાણ શરૂ કર્યુ હતુ આમા હનુમાનપરા, જલારામનગર, સત્ય નારાયણ, જીઆઈડીસીના કારખાનેદારો, મજુરો, વિદ્યાનગરના રહીશો, હનુમાન રોડની ૧૭ સોસાયટીના રહીશોએ ભેગા થઈ અંતિમ પગલુ ભર્યુ હોવાનું ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતુ.

---

### વિદ્યાનગર, હનુમાનપરા અને જીઆઇડીસીના લોકો કહે છે કે

## જે જમીનમાં સાર્વજનીક સુવિધા હોય તો તે ખાનગી જમીન કેવી રીતે હોય...??

**સ્ટ્રીટલાઇટ, ગેસ, પાણી, ગટર, ટેલીફોનની લાઇનો સાથે દસ્તાવેજોમાં હલાણનો ઉલ્લેખ છે**



અમરેલી,

અમરેલીના જીઆઈડીસીના હલાણના મામલે રોડ ઉપર આવી ગયેલા લોકોએ જણાવ્યુ હતુ કે, જો આ જમીન ખાનગી હોય તો તેમાં સ્ટ્રીટલાઈટ, ગેસની લાઈન, ગટર લાઈન, પાણીની પાઈપલાઈન, ટેલીફોનના વાયરો, રેલ્વેનું હલાણ, વિદ્યાનગરના ૬૦ બ્લોક માટેનું હલાણ છે તેવો દસ્તાવેજમાં ઉલ્લેખ છે જો આ જાહેર રસ્તો ન હોય તો આવી સુવિધા ખાનગી જમીનમાં કેવી રીતે હોઈ શકે ? તેવો સવાલ લોકો કરી રહયા હતા.

---

### ઉદ્યોગના નામે સમ ખાવાની

## અમરેલીની એકમાત્ર જીઆઇડીસી મૃતઃપ્રાય હાલતમાં

**ઉદ્યોગ માટે જાજમ પાથરતી સરકાર જે ઉદ્યોગ છે તેમને બચાવવા માટે આગળ આવે**

અમરેલી, ઉદ્યોગના નામે સમ ખાવાની અમરેલીની એકમાત્ર જીઆઈડીસીને બચાવવામાં કોઈને રસ નથી ઉદ્યોગ માટે જાજમ પાથરતી સરકાર જે ઉદ્યોગ છે તેમને બચાવવા માટે આગળ આવે તે જરૂરી છે કારણકે અમરેલી જિલ્લાકક્ષાનું એકમાત્ર ઉદ્યોગનગર એકમાત્ર જીઆઈડીસી છે અને હનુમાનપરા રોડ ઉપર સોસાયટીઓ અને ત્રણ સામાજીક વાડીઓ હોય ત્યાંથી ભારે વાહનોને પસાર થવા સામે જાહેરનામું બહાર પડાયેલ છે તો ભારે વાહનો ચાલે ક્યાંથી ? ચાર ચાર કલાક સુધી ચક્કાજામ છતા કોઈના પેટનું પાણી હલ્યુ નથી હવે જનતા ચક્કાજામથી આગળ વધી અને બીજુ પગલુ ભરે તે પહેલા નિરાકરણ લાવવુ જરૂરી છે.

વર્ષોથી ઉચ્ચતમ ગુણવત્તાની પરંપરા
બીપીન ચા
શ્રાવણ માસ સ્પે.ડિસ્કાઉન્ટ
કિફાયતી ભાવ - દમદાર ચા
પ્રીમીયમ ક્વોલીટી બીપીન ચા
૧ કિલો Rs.280/-
૫૦૦ ગ્રામ Rs.140/-
૨૫૦ ગ્રામ Rs.70/-
ઓફર માત્ર ગણતરીના દિવસો માટે...
મે.બીપીન ટી સેન્ટર
હવેલી રોડ, જેલ રોડ કોર્નર, અમરેલી. મો.૯૪૦૮૪ ૬૮૪૧૭

ફ્રી ઓપરેશન... શ્રેષ્ઠ સારવાર... આધુનિક સુવિધા....
ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેક્ચર
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા
સિઝેરીયન પ્રસુતિ
સારણગાંઠ
પિતાશયની પથરી
વધરાવળ
પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો
સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
રસોળી-ચરબીની ગાંઠ
એપેન્ડીક્ષ
હરસ-મસા-ફિશર
ફ્રી ડાયાલીસીસ સારવાર
દુરબીનથી ઓપરેશન (લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
પથરી, પ્રોસ્ટેટ, કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ, પિતાશય વગેરેના લેપ્રોસ્કોપિક તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરિયા રોડ,નાગરિક બેંકની બાજુમાં, અમરેલી.
ફોનઃ(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮
LIC

Sheetal
We are HIRING!
REPORTING MANAGER & TELECALLER
(Must have computer knowledge)
Number of position : 02
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE ASSISTANT
(Must have tally account knowledge)
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

BEFORE
AFTER
હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી હંમેશા ક્વોલીફાઇડ અને અનુભવી ડૉક્ટર પાસેથી જ કરાવવી જોઇએ. મળો : Adiva Center For Skin Hair And Laser
ડૉ. હર્ષિત રાણપરા M.D, DVD
(Diplomate - અમેરીકન બોર્ડ ઓફ હેર રીસ્ટોરેશન સર્જરી)
ADIVA centre for skin and hair
મેડીપ્લેક્સ કોમ્પ્લેક્ષ, ૧લો માળ, ૪-મનહર પ્લોટ, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ.
81607 28372 | 99257 73435
www.adivaclinic.com

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લિટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી10000 લિટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

### ૩૫ વર્ષથી પોલીસ ખાતામાં સેવા આપી એએસઆઇ તરીકે વયમર્યાદાને કારણે નિવૃત થયેલા

# અમરેલીનાં શ્રી શેખવાને નિવૃતિ વિદાયમાન અપાયું

**બે વર્ષથી ડીઝાસ્ટર વિભાગનાં કલેક્ટર તરીકે ફરજ બજાવનાર ઉદયભાઇ શેખવાનું ભવ્ય સન્માન કરી બિરદાવાયા : શુભકામનાઓનો ધોધ વહ્યો**

**શહેરમાં પોલીસ સ્ટાફ, ડિઝાસ્ટર તથા હોમગાર્ડ સ્ટાફ, ફોરવર્ડ સ્કુલનાં શ્રી સિધ્ધપુરા સહિતની ઉપસ્થિતિમાં ભવ્ય નિવૃતિ સત્કાર સમારોહ સંપન્ન**






અમરેલી,આજરોજ નારોજપાત્રીસવર્ષે ની પોલીસ ખાતા મા સેવા આપી અને A.S.I. તરીકે વયમયાર્દાને લીધે નિવૃત્ત થયેલ છેલ્લા ૨ વર્ષ થી કલેકટર શ્રી ના ડિઝાસ્ટર વિભાગ મા ફરજ બજાવતા શ્રી ઉદયભાઈ લખુભાઈ શેખવા નુ નિવૃતિ સત્કાર સમારંભ રાખેલ જેમા ઓફિસ ના મામલતદાર તેમજ હોમગાર્ડ ના કમાન્ડન્ટ તેમજ શેખવા તેમજ ડિઝાસ્ટર કચેરી ના સ્ટાફ કર્મચારી તેમજ પોલીસ હેડ ક્વાર્ટર ના સ્ટાફ પરીવાર ના અધિકારીશ્રીઓ તેમજ ફોરવર્ડ સ્કુલ ના આચાર્ય શ્રી સિધ્ધપુરા, shiv contruction ના માલીકરજતભાઈ મેહતા તેમજ ૧૯૯૦ ની પોલીસની ભરતી મા હાજર થયેલ ૫૮ પોલીસમિત્રો નું સાથે ટ્રેનીંગ થી આજ ૩૫ સુધી સુખ દુઃખ ના સાથી મિત્રો નું અનોખા અટ્ઠાવન ગૃપ દ્વારા આજ રોજ સુર્યા ગાર્ડન ખાતે આ વર્ષ મા ૧૪ સભ્યો નિવૃત્ત થતાં તેઓને સન્માનિત કરેલ.

# મેકડા ઇંગોરાળાનાં ત્રણ કિ. મી. રસ્તાનું કામ ત્રણ વર્ષથી ચાલુ હોવાથી રસ્તો બંધ

**રસ્તાનું કામ પુર્ણ ન થતા ત્રણ વર્ષથી રસ્તો સંપુર્ણ બંધ કરવામાં આવ્યો**



અમરેલી, સાવરકુંડલા તાલુકાના મેકડા ગામ શેત્રુંજી કાંઠે આવેલુ છે આ ગામ અને લીલીયા તાલુકાનું ઈંગોરાળા ગામ પણ શેત્રુજી કાંઠે આવેલુ છે મેકડાની જમીન ઈંગોરાળા ગામમાં અને ઈંગોરાળાની જમીન મેકડા ગામમાં આવેલી છે. આ ત્રણ કિ.મી. રસ્તાનું કામ છેલ્લા ત્રણ વર્ષથી ચાલુ છે. ત્રણ વર્ષથી આ રસ્તો સંપુર્ણપણે બંધ છે. તેની વચ્ચે આવેલા નાળાનું કામ શરૂ કરવામાં આવે છે પરંતુ પુર્ણ કરવામાં આવતુ નથી નાળા પુલીયાના કામમાં કોઈ ડાઈવર્જન કાઢવામાં આવતુ નથી આ બે ગામ વચ્ચે સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી શેત્રુજી આવેલી છે અને તેના પર ઓવરબ્રીજ બાંધવો જરૂરી છે.

સાવરકુંડલા મેકડા ઈંગોરાળા, વેળાવદર, ગારીયાધાર, ભુતકાળમાં એસ.ટી.ની ૧૦ થી ૧૨ ટ્રીપ ચાલતી હતી છેલ્લા પાંચ વર્ષથી રસ્તો પણ બંધ છે અને એસ.ટી. સેવાની તમામ ટ્રીપો બંધ કરવામાં આવી છે મેકડા ગામ એસ.ટી. સેવાથી સંપુર્ણ વંચિત છે. આ ગામના લોકોને સાવરકુંડલા જવા આવવા માટે ફક્ત એક જ ટ્રીપ ચલાવવામાં આવે છે આ ગામના લોકોને અને ઈંગોરાળા ગામના લોકો સામાજીક વ્યવહારથી જોડાયેલ છે લોકોને આવવા જવામાં અનેક મુશ્કેલી પડે છે. તો આ રોડનું કામ સરકારશ્રીએ એજન્સીને આપી પુરૂ કરાવવુ જરૂરી છે. તેવી લોકોની માંગણી છે.

### નર્સિંગ કોલેજના જીએનએમમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની હેરાન

# અમરેલી નર્સિંગ કોલેજમાં ત્રણ વર્ષથી શિષ્યવૃતિ મળી નથી

**ધારાસભ્યશ્રી કૌશિકભાઇ વેકરીયાને રજુઆત કરતા શહેર ભાજપના શ્રી ભરત મકવાણા**




અમરેલી,

અમરેલી નર્સિંગ કોલેજના જી. એન. એમ. માં અભ્યાસ કરતી દિવ્યા ડાબસરા ને ત્રણ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ ન મળતા અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ શિષ્યવૃત્તિ બાબતે શહેર ભાજપ મહામંત્રી ભરત મકવાણાએ રજુઆત કરી હતી. સમાજ કલ્યાણ અધિકારી શ્રી અમરેલીને પણ લેખિત રજૂઆત કરાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે અમરેલીની નર્સિંગ કોલેજમાં જીએનએમ માં વર્ષ ૨૦૨૨ થી દિવ્યા મહેન્દ્રભાઈ ડાબસરા અભ્યાસ કરે છે. તેમને વર્ષ ૨૦૨૨/૨૦૨૩ અને ૨૦૨૪ માં શિષ્યવૃત્તિ મેળવવા માટે ઓનલાઈન કરેલ છે. છતાં પણ આજ દિન સુધી તેમના ખાતામાં શિષ્યવૃતિ આવેલ નથી. ગરીબ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અભ્યાસ માટે મદદગાર સાબિત થાય છે. એવા સમયે ત્રણ વર્ષ વીતી ગયા છતાં પણ સરકારશ્રી દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવેલ નથી. આ અંગે સત્વરે ઘટતું કરવા અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરત મકવાણાએ અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તથા સમાજ કલ્યાણ અધિકારી શ્રી અમરેલીને લેખિત રજૂઆત કરી છે.

### શ્રી ધીરૂભાઇ કોટડીયાના અધ્યક્ષ પદે

# અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળીની સાધારણ સભા યોજાઇ

**મંડળીની પ્રગતી પ્રવૃત્તીનો અહેવાલ અપાયો : સભાસદોની ઉપસ્થિતિ**




અમરેલી,અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી દ્વારા આજરોજ ૯૬ મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન તારીખ ૧/૯/૨૦૨૪, ને રવિવારે મંડળીના પ્રમુખ શ્રી ધીરુભાઈ કોટડીયા ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં સભાસદ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક અને અમરેલી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરપર્સન શ્રીમતી રમીલાબેન બી. ધોરાજીયા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી સોલંકી સાહેબ તેમજ આજના ભોજન સમારંભના દાતા શ્રી કેતનભાઈ ધોળકિયા (નીલકંઠ જ્વેલર્સ) અને વિવિધ શિક્ષક સંઘના પ્રતિનિધિશ્રીઓની હાજરીમાં આજની સભામાં સભાસદોના કલ્યાણ માટે ઘણી બધી મહત્વની જાહેરાતો કરવામાં આવી, જેમાં. ૧. ધિરાણ પર વ્યાજ દરમાં ૧-૧ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો. (૮% ના ૭% અને ૬% ના ૫% વ્યાજ દર ૧લી એપ્રિલ ૨૦૨૫ થી લાગુ પડશે, અત્યારે લોન લીધેલ છે તેને પણ નવો વ્યાજ દર લાગુ પડશે.) ૨. સભાસદ આકસ્મિક મૃત્યુ સહાય (અકસ્માત વીમો) મર્યાદા વધારીને ૫ લાખ કરવામાં આવી. ૩. મહત્તમ ધિરાણ ૫ લાખના ૬ લાખ અને ૧૦ લાખના બદલે ૧૧ લાખ સુધી લઈ જવાનો નિર્ણય કરવામાં આવ્યો. ૪. કોઈ આકસ્મિક આરોગ્ય સંબંધીત જરૂરિયાત માટે સભાસદ મિત્રોને ઓછામાં ઓછી ૫૦ હજાર તેમજ વધુમાં વધુ ૨ લાખ સુધીની લોન ૦% વ્યાજે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. (આગળની લોન ચાલુ હોય તો પણ) ૫. આ ઉપરાંત સભાસદની બચત ઉપર વર્ષ ૨૦૨૩/૨૪ ના વર્ષ માટે ૩% ને બદલે ૪.૫% ટકા વ્યાજ જાહેર કરવામાં આવ્યું. ૬. ફરજિયાત બચત ૧,૫૦૦ થી વધારીને ૨,૦૦૦ કરવાનો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો ૭. ફરજિયાત બચત આધારે લોન આપવાની સિસ્ટમ નક્કી કરવામાં આવી. ૮. આ સિવાય બીજા અનેક નાના મોટા નિર્ણયો સભાસદના હિતમાં લેવામાં આવ્યા. આ કાર્યક્રમમાં કાર્યસૂચિ-૨, સ્વાગત પ્રવચન શ્રી હિતેશભાઈ સોરઠીયા એ કર્યું હતું, મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત શાલ પુષ્પ અને મોમેન્ટો થી મંડળીના ઉપાધ્યક્ષ શ્રી પ્રતાપભાઈ બસિયા ધારી, કારોબારી સભ્ય શ્રી વિજયભાઈ સેંજળિયા - બાબરા, ધીરુભાઈ હુમ્મર - લીલીયા, ગીરિરજભાઈ આસોદરિયા - બગસરા, શ્રી દયાબેન કાવઠિયા એ કર્યું હતું કાર્યસૂચિ-૩ મુજબ ગત સાધારણ સભાની કાર્યવાહી વાંચન શ્રી વિપુલભાઈ ત્રિવેદીએ કર્યું હતું કાર્યસૂચિ - ૪, મુજબ વાર્ષિક હિસાબ ચંદુભાઈ સાવલિયા - કુંકાવાવ એ રજૂ કર્યો હતો. કાર્યસૂચિ - ૫, ચોખા નફાની ફાળવણી વિગત ચંદ્રેશભાઈ હીરપરા, ખાંભા એ રજૂ કરી હતી કાર્યસૂચિ - ૬, મુજબ અંદાજ પત્ર શ્રી મનસુખભાઈ વસ્તાણી એ રજૂ કર્યુ હતું. કાર્યસૂચિ - ૭, કારોબારીએ કરેલ ઠરાવો હિરેનભાઈ પટેલ એ રજૂ કર્યા હતા. કાર્યસૂચિ -૮ મુજબ વ્યાજદર ઘટાડવા માટેનો મુદ્દો શ્રી રસિકભાઈ મહેતાએ રજૂ કર્યો હતો. કરીસૂચિ -૮, મુજબ લોન મર્યાદા વધારવા બાબત અને ૦ ટકા લોન યોજના ની જાહેરાત પ્રમુખશ્રી ધીરૂભાઈએ કરી હતી. કાર્યક્રમ સ્ટેજ સંચાલન હરેશભાઈ રૂપાલા, ભાવેશભાઈ આખજા, સંજયભાઈ વસાણી એ કર્યું હતું. ભોજન વ્યવસ્થા જવાબદારી શ્રી પ્રવીણભાઈ કસવાલા, ભગીરથભાઈ ગોહેલ નિભાવી હતી. સમગ્ર વ્યવસ્થાની દેખરેખ શ્રી બાબુભાઈ કાલરીયા અને ઈન્નોવેશન ગ્રુપ દ્વારા કરવામાં આવી હતી. એકંદરે આજની સાધારણ સભા સર્વે સભાસદ મિત્રોના સહયોગથી ખુબ સુંદર રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા એસટી ડેપો મેનેજરને આવેદન પાઠવ્યું

**આવેદન આપી ડેપોની સમસ્યા વિશે ચર્ચાઓ કરી**



બગસરા, (સમીર વિરાણી) પેસેન્જર એસોસિયેશન દ્વારા ડેપો મેનેજરને આવેદન આપી ડેપોની સમસ્યા વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી. અહીંના ડેપો માંથી ઉપડતી બગસરા થી રાજકોટ જતી તમામ બસોને જાવકમાં ગોંડલ બસ સ્ટેશનને બાયપાસ કરવું તેમજ આવકમાં ગોંડલ બસ સ્ટેશન માંથી આવવું. કેમકે હાલમાં રસ્તાનું કામ ચાલુ હોવાને લીધે ગોંડલ ડેપોમાં આવવા માટે ૧૮ કિલોમીટર જેટલું મોટું ડાયવર્ઝન આપવામાં આવેલ હોવાથી અહીથી જતા મુષાફરોને રાજકોટ જવામાં બહું લાંબો સમય લાગી જાય છે. જેના કારણે મુષાફરો પરેશાન થઈ જાય છે. અને ના છૂટકે પ્રાઈવેટ વાહનો સહારો લેવો પડે છે. જેના લીધે બસોની આવક પણ ઘટી ગઈ છે. કેમકે અન્ય પ્રાઈવેટ વાહનો બાય પાસ થઈને જતા રહેતા હોવાથી લોકો પ્રાઈવેટ વાહનો સહારો લેવા મજબૂર બની ગયા છે. જેથી ડેપોની આવકને ફરી ચાલુ રાખવા માટે ગોંડલ ડેપોને બાયપાસ કરવામાં આવે જેથી ફરી લોકો એસ ટીમાં મૂષાફરી કરવા લાગે જેથી ફરી પાછી ડેપોની આવક વધી જાય. અને બગસરા ડેપોમાં સફાઈ અપૂરતી હોવાના લીધે ઠેર ઠેર ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે જેને સફાઈ કરાવવામાં આવે તેમજ લાઈટો બંધ હાલતમાં છે જેને ચાલુ કરવામાં આવે તેમજ ડિજિટલ બોર્ડ પણ બંધ હાલતમાં છે જેને ચાલુ કરવામાં આવે અને રિપેર કરવા આપેલ પંખા પૈકી હજુ રેપર કરી લગાવામાં આવેલ નથી તેને ફરી ફીટ કરી ચાલુ કરાવવામાં આવે તેમજ બીજી અન્ય નાના મોટી ઘણી સમસ્યાઓને તત્કાલ નિવારણ કરવામાં આવે તે માટે પેસેન્જર એસોસિયેશન દ્વારા બગસરા ડેપો મેનેજરને આવેદન આપવામાં આવ્યું હતું.

# ધાતરવડી-૦૨ સિંચાઇ યોજના: ૭૦ ટકા ભરાયો

અમરેલી, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખાખબાઈ ગામ નજીક ધાતરવડી નદી પર આવેલ ધાતરવડી-૨ જળાશય તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૧૨ વાગ્યાની સ્થિતિએ ૭૦ ટકા ભરાયો છે. જળાશય તેના ડિઝાઈન સ્ટોરેજના ૭૦ ટકા કરતા વધુ સપાટીએ ભરાયેલો હોવાથી સાવચેત કરવામાં આવે છે. હાલ જળાશયમાં પાણીની આવક શરુ છે તેથી રાજુલા તાલુકાના ખાખબાઈ, હિંડોરણા, છતડિયા, વડ, ભચાદર, ધારાનો નેસ, ઉચૈયા, રામપરા-૨, કોવાયા અને જાફરાબાદ તાલુકાના લોઠપુર સહિતના નીચાણવાળા વિસ્તારમાં ગામ લોકોને નદીના પટ કે કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા તેમજ સાવચેત રહેવા સૂચના છે. જળાશયનું હાલનું લેવલ (મીટર) ૩૩.૬૩, જળાશયની ઉંડાઈ ૧.૭૮ મીટર, જાળશયનો હાલનો જથ્થો ૭.૧૩ એમ.ક્યુમ, જળાશયનો જીવંત જથ્થો ૪.૩૮ એમ.ક્યુમ, હાલમાં પાણીની આવક ૪૪૧ ક્યુસેક અને આઉટફ્લોની વિગત શૂન્ય છે. જળાશયનું ડિઝાઈન સ્ટોરેજ ૧૦.૧૯ છે, તેમ અમરેલી જળસિંચન વિભાગના, અમરેલી ફ્લડસેલ વાયરલેસના અહેવાલમાં જણાવવામાં આવ્યુંછે.

# બગસરાનાં કવિશ્રી સ્નેહી પરમારને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે સંસ્કાર પુરસ્કાર એનાયત કરાયો

**સાહિત્ય ક્ષેત્ર માટે સંસ્કાર વિભૂષણ માનપત્રથી પણ સન્માન**



બગસરા, (સમીર વિરાણી) કલા, સાહિત્ય અને અન્ય વિધાઓના ઉતકર્ષ માટે કાર્યરત સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા વિવિધ કલા, સાહિત્ય, સંગીત સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન માટે 'સંસ્કાર પુરસ્કાર' અર્પણ કરવામાં આવે છે. જેમાં સાહિત્ય વિભાગ માટે બગસરાના કવિ સ્નેહી પરમારને 'સંસ્કાર પુરસ્કાર-૨૦૨૪ માટે પસંદ કરવામાં આવ્યા છે. તાજેતરમાં આંબેડકર યુનિ. અમદાવાદ ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં તેમને ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય શ્રી દેવવ્રતજીના વરદ હસ્તે આ સન્માન ઉપરાંત 'સંસ્કાર વિભૂષણ માનપત્ર' પણ અર્પણ કરવામાં આવેલ. પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવના હસ્તે પણ તેમનું સન્માન કરવામાં આવેલ. સંસ્કાર ભારતીના અધ્યક્ષ શ્રી અભેસિંહજી રાઠોડ, મહામંત્રી શ્રી જયદીપસિંહ રાજપૂત, સમગ્ર કાર્યકમનાસંયોજક અને જાણીતા કલાવિદ શ્રી રમણિક ઝાપડીયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કવિના સાહિત્યને ઉપરોક્ત સન્માન દ્વારા પોખવામાં આવ્યું હતું.

### શહેરીજનોને મુશ્કેલી થતા ભવિષ્યમાં આવુ ન બને તે માટે કડક પગલા લેવા માંગ

# શહેરીજનો દ્વારા ગેરકાયદેસર રીતે દબાણો કરીને બિલ્ડીંગો ખડકી દેવાતા પાણીનો નિકાલ થતો નથી

**પુર્વ ધારાસભ્ય શ્રી વિરજીભાઇ ઠુંમરે આક્રોષ વ્યક્ત કરી રજુઆત કરી**

અમરેલી,

વધુ વરસાદને કારણે શહેરીજનોને થતી મુશ્કેલીમાં ભવિષ્યમાં આવુ ન બને તે માટે કડક પગલા લેવા પુર્વ ધારાસભ્ય શ્રી વિરજીભાઈ ઠુંમરે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજુઆત કરી છે કે છેલ્લા ઘણા વર્ષથી દસ ઈંચથી વધારે વરસાદ પડે તો મહાનગરો વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જુનાગઢ જેવા મહાનગરોના રહેણાંક વિસ્તારોમાં એક એક માળ ડુબી જાય છે તેની પાછળના મુખ્ય કારણોમાં કોમન પ્લોટ ઉપર દબાણ કરી બિલ્ડીંગો ખડકી દેવામાં અષાવ્યા છે કુદરતી પાણીના પ્રવાહને અડચણ ઉભી થાય તે પ્રકારે ગેરકાયદેસર બાંધકામ થયેલ છે ગત વર્ષે જુનાગઢમાં કોંગ્રેસ પક્ષ તરફથી એક તપાસ કમિટીમાં મોકલેલ ત્યારે ધ્યાન ઉપર આવેલુ તેનો રીપોર્ટ પણ કરવામાં આવ્યો હતો રહેણાંક વિસ્તારોમાં લોકો મોટી મુશ્કેલીમાં મુકાયા છે આડેધડ બાંધકામ સરકારી નિયમો પ્રમાણે જગ્યા છોડવાને બદલે રજાચિઠીઓમાં આપવામાં આવેલ બાંધકામ થતા વરસાદ અને ટેરેસના પાણી રોડ ઉપર આવી જાય છે અને તેનો નિકાલ ન હોવાને કારણે આ મુશ્કેલી સર્જાય છે તેથી મહત્વના ટાઉન અને મોટા શહેરોમાં કડક આદેશો કરવામાં નહી આવે તો ભવિષ્યમાં લોકોને અનેક સમસ્યાઓનો સમાનો કરવો પડશે તેમજ અકસ્માતો સર્જાશે તેવુ ન બને તે માટે નિયમ વિરૂધ્ધના કોઈપણ બાંધકામ હોય તે દુર કરી નિયમ પ્રમાણે કરવામાં આવે અને જરૂર પડયે કાયદેસરની કડક કાર્યવાહી કરવા પણ શ્રી ઠુંમરે રજુઆત કર્યાનું જણાવ્યુ છે.

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેક્શન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

રોડ ટચ બ્લોક વેચવાના છે
અમરેલીમાં ગોપી ટોકીઝ રોડ, મોટા બસ સ્ટેન્ડ પાસે ૨ (બે) બ્લોક વેચવાના છે
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
-:: સંપર્ક ::-
મો.૯૫૫૮૬ ૮૮૩૦૯, ૯૪૨૬૪ ૧૨૫૦૫

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૪-૦૯-૨૦૨૪ બુધવાર

# સર્વોચ્ચ વડાઓ અમુક ઘટનાઓ પર પ્રત્યાઘાત આપે ને અમુક પર ચૂપ એમ કેમ..?

કોલકાત્તામાં આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૯ ઓગસ્ટના રોજ થયેલા ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર પછી હત્યા સહિતની ઘટનાઓના કારણે મહિલાઓની સુરક્ષાને મુદ્દે ચિંતા વ્યક્ત થઈ રહી છે ત્યારે આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેએ બળાત્કારની અંગે વિચારો વ્યક્ત કર્યા. રવિવારે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનો સમાપન કાર્યક્રમ હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પેન્ડિંગ કેસો અને બેકલોગને ન્યાયતંત્ર માટે મોટો પડકાર ગણાવીને કહ્યું કે, બળાત્કાર જેવા કેસમાં કોર્ટનો નિર્ણય વરસો પછી આવે છે ત્યારે માણસને લાગે છે કે ન્યાયની પ્રક્રિયામાં સંવેદનશીલતા રહી નથી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કોલકાતામાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર-હત્યા અંગે ૨૭ ઓગસ્ટે કહ્યું હતું કે, હું આ ઘટનાથી નિરાશ અને ભયભીત છું. આ અતિરેક થઈ ગયો છે પણ કમનસીબે આપણા સમાજમાં આવી ઘટનાઓને ભૂલી જવાની ખરાબ ટેવ છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ 'વીમેન સીક્યુરિટીઃ ઈનફ' નામે લખેલા લેખમાં કહ્યું હતું કે, કોઈ પણ સંસ્કારી સમાજ પોતાની બહેન-દીકરીઓ અને બહેનો પર આવા અત્યાચારને મંજૂરી આપી શકે નહીં. રાષ્ટ્રપતિ મેડમે આ જ વાતને દોહરાવી છે. મુર્મૂમેડમના કહેવાપ્રમાણે, આપણે બધાં માનીએ છીએ કે, ભગવાનના ઘરે દેર છે, અંધેર નહીં. પણ દેર ક્યાં સુધી ચાલે આ વિલંબ કેટલો લાંબો હોઈ શકે એ વિશે આપણે વિચારવું પડશે કેમ કે ન્યાય મળે ત્યાં સુધીમાં પીડિતો કે પીડિતોના પરિવારના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ જાય છે અને ઘણા કિસ્સામાં તેમનું જીવન પણ સમાપ્ત થઈ જાય છે. આપણે આ વિશે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે. મુર્મૂએ કોર્ટમાં તાત્કાલિક ન્યાય માટે કેસોની સુનાવણી મોકૂફ રાખવાની સંસ્કૃતિને ખતમ કરવી પડશે એ વાત પર ભાર મૂકીને કહ્યું કે, ન્યાયની રક્ષા કરવાની આ દેશના તમામ ન્યાયાધીશોની જવાબદારી છે પણ કોર્ટ રૂમમાં પ્રવેશતા જ સામાન્ય માણસનું સ્ટ્રેસ લેવલ વધી જાય છે. રાષ્ટ્રપતિએ આ ડરને 'બ્લેક કોટ સિન્ડ્રોમ' નામ આપીને તેના વિશે વિચારવાની અપીલ કરી. આપણા ઉપરાષ્ટ્રપતિ ડો. જગદીપ ધનખડે પણ ૩૧ વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર સાથે ક્રૂર બળાત્કાર અને હત્યાનો મુદ્દો ઉઠાવ્યો. ધનખડે આ ઘટના અંગે મૌન રહેવા બદલ કેટલીક બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ)ને આડે હાથ લઈને કહ્યું કે, આ બધાંનું મૌન ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બનેલા અપરાધના અપરાધીઓના દોષિત કૃત્ય કરતાં ખરાબ છે. ધનખડના કહેવા પ્રમાણે, આ મુદ્દે રાજકારણ રમવા માંગે છે એ લોકો પોતાના અંતરાત્માને અનુસરી નથી રહ્યા.

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને આ દેશમાં ટોચના બે બંધારણીય હોદ્દા પર છે. કોલકાત્તાની ઘટના અત્યંત શરમજનક છે અને કોઈ પણ સંવેદનશીક્ષ વ્યક્તિને ખળભળાવી મૂકવા માટે પૂરતી છે. આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની પણ તેના કારણે ખળભળી ઉઠી હોય તો એ સ્વાભાવિક છે. બંને તેની ટીકા કરે કે ઝાટકણી કાઢે એ યોગ્ય છે પણ તકલીફ ગણો તો તકલીફ ને કમનસીબી ગણો તો કમનસીબી એ છે કે, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેની સંવેદના આ જ પ્રકારની બીજી ઘટનાઓ વખતે જાગતી નથી.

મણિપુરમાં મહિલાઓને નગ્ન પરેડ કરાવીને ગેંગ રેપ કરવાની ઘટના હોય કે દેશની કુશ્તીબાજ દીકરીઓની ભાજપના એક સાંસદ દ્વારા જાતિય સતામણીની ઘટના હોય, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને ચૂપ હતાં. આ બંને ઘટનાઓની વાત વારંવાર કરવી પડે છે કેમ કે આ બંને ઘટના આ દેશમાં સ્ત્રીઓ પરના અત્યાચારની ચરમસીમા જેવી છે. મહિલાઓ પર બળાત્કાર રેપની દરેક ઘટના આઘાતજનક જ ગણાય તેથી કોઈ ઘટના વધારે ગંભીર ને કોઈ ઓછી ગંભીર એવું ના કહી શકાય પણ આ બંને ઘટનાનો ઉલ્લેખ એટલે કરીએ છીએ કે, આ બંને ઘટનામાં જેમની જવાબદારી મહિલાઓની સુરક્ષા કરવાની હતી એવા લોકો સંડોવાયેલા હતા. બંને ઘટનામાં ખુલ્લેઆમ દીકરીઓને બેઈજ્જત કરાઈ અને દીકરીઓને જરૂર હતી ત્યારે કોઈ તેમને પડખે ઉભું ના રહ્યું. દોષિતોને સજા કરાવનારા સજા કરાવવાના બદલે તેમના દલાલો તરીકે વર્તતા હતા. આપણા ઉપરાષ્ટ્રપતિ સાહેબ કોલકાત્તાની ઘટના વિશે એનજીઓની ચુપકીદી સામે સવાલ કરી રહ્યા છે, તેમને અંતરાત્માની દુહાઈ આપી રહ્યા છે પણ સાહેબ પોતે મણિપુર કે કુશ્તી ફેડરેશનની ઘટના વખતે કેમ હતા ? આવી ખળભળાવી નાંખનારી ઘટના જોઈને પણ તેમનો અંતરાત્મા કેમ નહોતો જાગ્યો ? રાષ્ટ્રપતિ મેડમ તો પોતે એક મહિલા છે અને આ દેશની દરેક દીકરી માટે માતા સમાન છે પણ રાષ્ટ્રપતિ પોતે માતા તરીકે વર્ત્યાં ખરાં ? બિલકુલ નથી વર્ત્યાં. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને બંધારણીય હોદ્દા પર બેઠેલી તરીક વર્તવાના બદલે ભાજપના નેતા તરીકે વર્ત્યાં છે. ને એનજીઓ કંઈ સત્તામાં નથી પણ સત્તામાં બેઠેલા બીજા લોકો પણ ચૂપ રહ્યાં છે. તેમની ચુપકીદી સામે પણ સવાલ કેમ નથી કરતા? તમે બંને તો દેશનાં વડીલ છો પણ વડીલ તરીકે વર્તવાનું પણ રાખો. આપણે એવા દેશમાં જીવીએ છીએ કે દર અઠવાડિયે આવી કોઈ ને કોઈ ઘટના બન્યા જ કરે છે. આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ કેટલી ઘટનાઓની ટીકા કરે છે કે તેમનો ઉલ્લેખ પણ કરે છે ? નજીકના ભૂતકાળમાં તો રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેએ આવી કોઈ ઘટનાની ટીકા કરી હોય એવું યાદ નથી. કોલકાત્તાની ટ્રેઈની ડોક્ટર આ દેશની દીકરી ને તેણે વેઠવી પડેલી પીડાથી દુઃખ થાય, તેના પર કરાયેલા અત્યાચારોથી આક્રોશ પણ જાગે પણ આ દર્દ અને આક્રોશ દેશની બીજી દીકરીઓ પર અત્યાચાર થાય ત્યારે નથી દેખાતો. હવે કોલકાત્તાની ઘટનાના કારણે બંનેનો અંતરાત્મા જાગી ઉઠ્યો છે, બંનેને દેશની દીકરીઓની ચિંતા થવા માંડી છે એ જોઈને હસવું આવે છે આશા રાખીએ કે બંનેનો અંતરાત્મા જાગેલો જ રહે. હવે પછી દેશમાં બનતી આવી તમામ ઘટનાઓ અંગે બંને બોલે અને ભેદભાવ ના રાખે. માત્ર ભાજપ વિરોધી રાજ્યોમાં બનતી બળાત્કાર કે મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓ અંગે જ નહીં પણ બીજી ઘટનાઓ અંગે પણ બોલે.

# અમરેલીમાં સ્વ. મોટાભાઇ ગાંધી પરિવાર દ્વારા ભોજન કરાવાયું




અમરેલીમાં સેવાભાવીઓના સહયોગથી દર અમાસે પુરી શાકનું ભોજન વિનામૂલ્યે કરાવવામાં આવે છે તે મુજબ આજ અમાસ નિમિત્તે સ્વ. મોટાભાઈ ગાંધીના સ્માર્ણાર્થે તેમના પરિવાર દ્વારા પુરી શાક છાસ વિતરણ કરી સેવા આપી હતી. તે પ્રસંગે શ્રવણ પ્રસાદ કેન્દ્રના સેવકો તસ્વીરમાં નજરે પડે છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦



### આજનું પંચાગ

તા ૪.૯.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ એકમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર , સાધ્ય યોગ, બાલવ કરણ , આજે સવારે ૯.૫૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) ત્યારબાદ કન્યા (પ ,ઠ ,ણ) રહેશે.

### કોઈ પણ વ્યક્તિની આસપાસ એક સૂક્ષ્મ આભામંડળ રચાયેલું હોય છે

આજથી ભાદ્રપદ માસ શરુ થઈ રહ્યો છે , ૬ સપ્ટેમ્બર શુક્રવારે કેવડા ત્રીજ, હરિતાલિકા ત્રીજ છે જયારે ૭ સપ્ટેમ્બર શનિવારે ગણેશ ચતુર્થી છે ગણેશ ઉત્સવનો પ્રારંભ થશે. જે મિત્રોને જન્મકુંડળીમાં મંગળ કે કેતુને લગતી તકલીફો હોય તો તેઓ ગણેશ ઉત્સવ દરમિયાન ગણેશ વ્રત કરી શકે જેનાથી વૈવાહિક તકલીફો દૂર થાય છે અને મંગળ કેતુ શાંત થાય છે હાલમાં કેતુ મહારાજ શુક્ર સાથે ચાલી રહ્યા છે જે સ્ત્રીઓ માટે કોઈને કોઈ રીતે પીડા આપે છે તથા પશુભય આપે છે આ ઉપરાંત સર્પ ભય રહે છે. જ્યોતિષશાસ્ત્રની વાત કરીએ તો તેની અનેક શાખાઓ છે તેમાં ઓરા પણ રીડ કરી શકાય છે કોઈ પણ વ્યક્તિની આસપાસ એક સૂક્ષ્મ આભા મંડળ રચાયેલું હોય છે જે વ્યક્તિના ગ્રહો



ઈંગિત કરે છે અને તેનો જીવન પ્રવાસ અને હાલનો સમય દર્શાવે છે અકાશિક રેકોર્ડ તપાસવામાં પણ આ ઓરા મહત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિની ઓરા દ્વારા તેના જીવન વિષે ઘણું જાણી શકાય છે. આ ઓરા રીડિંગ વ્યક્તિને યોગ્ય પ્રકાશમાં ઉભા રાખી ને કે તેના ફોટોગ્રાફ પર થી પામી શકાય છે જેના દ્વારા વ્યક્તિમાં કઈ ઓરા ખૂટે છે અને કઈ બાબતો થી તે ઓરા સુધારી શકાય તે પણ નક્કી કરી શકાય છે. મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે આ ઓરા અને જન્મકુંડળીના ગ્રહો વચ્ચે તાલમેલ હોય છે જેમ કે ઓરા માં મંગળ કેતુ ડિસ્ટર્બ થતા હોય તો જન્મકુંડળીમાં જોતા પણ મંગળ કેતુ વચ્ચે સંબંધ થતો જોવા મળે છે જેમાં મંગળની વિશેષ ઓરા પ્રાપ્ત કરવાથી ઓરામાં સુધારો થાય છે અને તે યોગનું શમન થાય છે!

મેષ (અ,લ,ઈ) : સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.
વૃષભ (બ,વ,ઉ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. લાગણીના સંબંધોમાં સારું રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
કર્ક (ડ,હ) : ગણતરીપૂર્વકના સાહસ થી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.
સિંહ (મ,ટ) : બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.
કન્યા (પ ,ઠ ,ણ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચાર થી મન સારું રહે ,પરિવાર સાથે આનંદ માણી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ ):વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.
મકર (ખ,જ) : ગુરુકૃપા થી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌન થી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય, શુભ દિન.
કુંભ (ગ ,સ,શ) : બધું મનનું ધાર્યું ના થાય ,મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર

# ધારીના વેકરીયાપરામાં બે જુથો વચ્ચે ધિંગાણુ

## પાઇપ, કુહાડી, લાકડી જેવા હથિયારો ધારણ કરી જીવલેણ ઇજા કર્યાની ધારી પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

ધારીના વેકરીયાપરામાં નર્મદેશ્વર સોસાયટીમાં રહેતાં કનુભાઈ ઘુસાભાઈ ગુર્જરવાડીયા ઉ.વ.૪૫ની દિકરીનું એકાદ વર્ષ પહેલા અપહરણની ફરિયાદ નોંધાયેલ હોય જેથી કનુભાઈના સાક્ષી અજયભાઈ ધનજીભાઈ રાણાવાડીયાને અરવિંદ હરેશભાઈ, શૈલેષ હરેશભાઈ રાણાવાડીયાએ ગાળો આપેલ હોય જેથી કનુભાઈ અને તેના કુટુંબી ઠપકો આપતા સારૂ નહીં લાગતાં અરવિંદ હરેશભાઈ, શૈલેષ હરેશભાઈ, ભાવેશ મધુભાઈ રાણાવાડીયા, રણજીત મંગળુભાઈ બારૈયા, હરેશ લીંબાભાઈ રાણાવાડીયાએ પાઈપ, પથ્થર અને લાકડી વડે ચંદુભાઈના માથામાં પથ્થર વડે ભાવેશે ઈજા કરી અરવિંદ, શૈલેષ, ભાવેશે પાઈપ વડે હિરેનભાઈને આડેધડ મારમારી ભાવેશ લાકડી વડે કનુભાઈના બાપુજીને માથામાં મારમારી ગાળો બોલી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે શૈલેષભાઈ હરેશભાઈ રાણાવાડીયા ઉ.વ.૨૬ને વિક્રમ મનસુખભાઈ, અજય ધનજીભાઈ રાણાવડીયા, હિરેન કનુભાઈ ગુર્જરવાડીયાએ શૈલેષભાઈના ઘર પાસેથી ટુ વ્હીલ ગાડી લઈને નિકળેલ તેથી અરવિંદભાઈએ અજયને ગાડી ધીમે ચલાવવા ઠપકો આપતાં સારૂ નહીં લાગતાં માથાકુટ કરેલ હોય તે મનદુઃખ રાખી કનુ ઘુઘાભાઈ ગુર્જરવાડીયાએ પાઈપ વડે શૈલેષભાઈને માથામાં માર મારી સાત ટાંકા આવે તેવી ઈજા કરી રાજુ ચંદુભાઈ ગુર્જરવાડીયાએ લાકડી વડે આડેધડ મારમારી ચંદુ ઘુઘાભાઈ ગુર્જરવાડીયાએ અરવિંદભાઈને મારી નાખવાના ઈરાદે કુહાડીનો એક ઘા માથામાં મારી ગંભીર ઈજા કરી અજયે અરવિંદભાઈને લાકડી વડે આડેધડ મારમારી હિતેષ, વિક્રમ મનસુખભાઈ, ઘુઘા ગુર્જરવાડીયાએ લાકડી વડે પ્રદિપભાઈ, રણજીતભાઈ તથા ભાવેશભાઈને આડેધડ મારમારી શરીરે મુંઢઈજા કરી હિરેન કનુભાઈ ગુર્જરવાડીયાએ શૈલેષભાઈ તથા અન્યો ઉપર છુટા પથ્થરના ઘા મારી ઈજા કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં કમોતના વધુ બે બનાવો

## નાના માચીયાળામાં યુવાનનું અને સાવરકુંડલાના ચિખલીમાં યુવાનનું ઝેરી દવા પી જતાં મોત

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતાં મનિષભાઈ રવજીભાઈ પરમાર ઉ.વ.૩૦ને કોઈ કામધંધો ચાલતો ન હોય અને કામ મળતું ન હોય જેથી ઝેરી દવા પી જતાં સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું મહેન્દ્રભાઈ રવજીભાઈ પરમારે અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના ચિખલી ગામે રહેતાં લાલજીભાઈ સુખાભાઈ હાડીયા, ઉ.વ.૩૩ની બહેન રજંનબેન પ્રેગનેટ હોય અને તેનાથી કામ થતું ન હોય અને તેડવા માટે આવેલ હોય અને મરણજનાર લાલજીભાઈએ બનેવી થતાં હોય અને મરણજનારના પત્નિ અને જાહેર કરનારની બહેનને તેડવા માટે આવેલ હોય અને મરણજનારને જવા દેવા ન હોય અને જાહેર કરનારની બહેનને લઈ જવા હોય જેથી મનમાં લાગી આવતા ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું રમેશભાઈ સોંડાભાઈ બલદાણીયાએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

#### મકાનની અગાસી ઉપર આંટા ફેરા મારવાની ના પાડતાં

# ખાંભામાં પ્રૌઢ ઉપર હુમલો

## બે શખ્સોએ લાકડી વડે મારમારી ફ્રેકચર કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

ખાંભા અંબીકા નામની દુકાને છોટુભાઈ બાબુભાઈ કામળીયા ઉ.વ..૫૨ ના મકાનની અગાસી ઉપર ગત રાત્રીના મિલન સુરેશભાઈ સાવલીયાને છોટુભાઈએ સમજાવેલ કે મારા મકાનની અગાસી ઉપર આવતો નહીં જેથી છોટુભાઈ સુરેશભાઈ સાવલીયાની દુકાને જઈ ઠપકો આપતા હોય કે તમારા દિકરા મિલનને સમજાવજો કે મારા મકાનની અગાસી ઉપર આંટાફેરા ન કરે તે દરમિયાન મિલનને સારૂ નહીં લાગતા ઉશ્કેરાઈ દુકાનમાંથી લાકડી લઈ આવી છોટુભાઈને જમણા હાથે કાંડા ઉપર લાકડીનો એક ઘા મારી સુરેશે બે હાથે પકડી લઈ મિલને લાકડીના બે ઘા પીઠ પાછળ વાસામાં મારી જમણા હાથે કાંડા ઉપર ફેકચર લાવી ઈજા કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીના ચાવંડ હાઇવે ઉપર ચાલીને જતાં પ્રૌઢને અજાણ્યા વાહને હડફેટે લેતાં મોત

## વાહન ભટકાવી માથામાં ગંભીર ઇજા કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

લાઠી તાલુકાના ચાવંડ હાઈવે ઉપર સુકુન કાઠીયાવાડી ઢાબા નજીક વિરપુર ગામના નાનાભાઈ સુરેશભાઈ લાઠીથી ચાલીને વિરપુર જતાં હતાં તે દરમિયાન ચાવંડ રોડ ઉપર કોઈ અજાણ્યા વાહનચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી પોતાનું વાહન ચલાવી સુરેશભાઈને હડફેટે લઈ માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે નાની મોટી ઈજાઓ કરી મોત નિપજાવી નાસી ગયાની અશોકભાઈ શાંતિભાઈ ચૌહાણએ લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીની શિવ રેસીડેન્સીમાં પ્રૌઢ ઉપર હુમલો

## આઠ શખ્સોએ છરી અને ઢીકાપાટુ વડે મારમારી ઇજા કરી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી તાલુકાના શિવ રેસીડેન્સી લીલીયા રોડ અમરેલી ખારાવાડીની સામે રહેતાં નિમિતભાઈ રાજેન્દ્રભાઈ ઠાકર ઉ.વ.૪૨ તથા આરોપીઓ અને સોસાયટીના લોકો વચ્ચે ગણપતિ ઉત્સવ નિમિતે મિટીંગનું આયોજન કરેલ તે દરમિયાન આરોપીઓએ નિમિતભાઈ સાથે મનદુઃખ રાખી ફુલીબેન બાવચંદભાઈ, ધર્મેશ બાવચંદભાઈ કાનપરીયા, નરેન્દ્ર બાવચંદભાઈ, પ્રફુલ કાછડીયા, લલીત હિરપરા, ધવલ બિપીનભાઈ જીવાણી, સુધિર કાથરોટીયા, વિમલ ગોહિલે વારા ફરતી આવી ગાળો બોલી ઢીકાપાટુ અને છરી વડે બન્ને હાથે ઈજા કરી ડાબા હાથે કોણી પાસે પાંચ ટાંકા લાવી તેમજ છાંતીમાં ઈજા કરી વાસના ડંડા વડે વાસામાં મારમારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાં માથાના દુખાવાથી કંટાળી પ્રૌઢાએ ઝેરી દવા પીધી

## ઝેર પી જતાં પ્રૌઢાને સારવાર માટે દવાખાને ખસેડાઇ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી બ્રાહ્મણ સોસાયટી યોગેશ્વર નગરમાં રહેતા ઈલાબેન વિરેન્દ્રભાઈ મોડા ઉ.વ.૪૬ને થોડા દિવસથી માથાનો દુખાવો હોય અને અમરેલી સિવીલમાં દવા ચાલુ હોય તેમજ ઉંઘ આવતી ન હોય જેથી માથાના દુખાવાથી કંટાળી અનાજમાં નાખવાનો ઝેરી પાઉડર પાણીમાં ભેળવી પી જતાં સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લાની ૧૨ આઇટીઆઇમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

## ધો. ૧૦ અને ૮ પાસ ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે

અમરેલી,

અમરેલી જિલ્લાની ૧૨ આઈટીઆઈમાં પ્રવેશ શત્ર ૨૦૨૪ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા હાલમાં શરૂ છે. જેમાં ધો. ૧૦ પાસ અને ૮ પાસ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરવા માટે જિલ્લાની કોઈ આઈટીઆનો સંપર્ક કરી શકશે. જિલ્લામાં હાલમાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડીયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ ખાતે ઔદ્યોગિક સંસ્થાઓ આવેલી છે. જેમાં તમામ ઉમેદવારો હેલ્પસેન્ટર દ્વારા ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં અમરેલી હેલ્પસેન્ટર મો.૯૪૨૯૦ ૯૮૧૬૮, કુંકાવાવ હેલ્પસેન્ટર મો. ૯૦૩૩૩ ૪૯૬૦૫, વડીયા હેલ્પસેન્ટર નં.૦૨૭૯૬ ૨૭૩૧૭૦, ધારી હેલ્પસેન્ટર મો.૯૭૩૭૬ ૮૮૦૨૪, બગસરા હેલ્પસેન્ટર નં.૦૨૭૯૬ ૨૨૨૮૮૮, ખાંભા હેલ્પસેન્ટર મો.૯૯૨૪૬ ૫૫૦૭૯, સાવરકુંડલા હેલ્પસેન્ટર મો.૯૮૯૮૦ ૪૧૬૭૭, લીલીયા હેલ્પસેન્ટર મો.૯૬૦૧૪ ૩૫૬૬૦, લાઠી હેલ્પસેન્ટર મો.૯૪૨૯૫ ૫૯૩૪૩, બાબરા હેલ્પસેન્ટર મો.૯૫૧૦૩ ૩૬૮૮૯, રાજુલા હેલ્પસેન્ટર મો.૯૩૭૬૮ ૧૯૪૭૫, જાફરાબાદ હેલ્પસેન્ટર મો.૭૫૭૫૦ ૭૦૭૨૫ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

# બાબરામાં તલાટી કમ મંત્રીશ્રી દેવચંદભાઇ પ્રાગજીભાઇને છોડી મુકવાનો કોર્ટ દ્વારા હુકમ

## કોર્ટમાં એડવોકેટશ્રી આર. સી. દવે દ્વારા આરોપીના બચાવમાં કરાયેલી ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી



પ્રતાપપરા, (ગિરીન્યુઝ) બાબરા ન્યાય અદાલત માં તલાટી કમ મંત્રી ને છોડી મુકવાનો આજ રોજ ચુકાદો આપવામાં આવેલ. કેસ ની વિગત ની જો વાત કરીએ તો ના વર્ષમાં તલાટી કમ મંત્રી દ્વારા વિકાસ ના કામો માં ગેરરીતિ આચરેલ હોય તેવા આક્ષેપ સાથે તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ ના રોજ ફરિયાદ દાખલ કરેલ જે મામલો કોર્ટમાં ચાલતો હતો જેમાં જેના પર આરોપ હતા તેવા તલાટી કમ મંત્રી વતી સિનિયર એડવોકેટ આર.સી.દવે રોકાયેલ એડવોકેટ આર.સી.દવે દ્વારા પોતાના અસીલ ના બચાવમાં ધારદાર રજુવાત કરેલ જે અંતર્ગત આજ રોજ તલાટી કમ મંત્રી દેવચંદભાઈ પ્રગજીભાઈ ને છોડી મુકવા કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવેલ છે.

# ટ્રાફિકને અડચણરૂપ લારી અને વાહન રાખતાં અમરેલી અને રાજુલામાં પોલીસે ગુના નોંધ્યા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી અને રાજુલામાં ટ્રાફિકને અડચણરૂપ લારી અને છકડો રિક્ષા રાખતાં પોલીસે અમરેલી નાગનાથ પોલીસ ચોકી નજીક હનીફ મહમદભાઈ મલેક પોતાની ઈમિટેશનની લારી જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ રાખતાં તેમજ રાજુલામાં જાફરાબાદના લોઠપુર ગામના હારૂન તૈયબભાઈ બુકેરાએ પોતાની છકડો રિક્ષા જી જે ૧૨ એકસ ૫૪૩૩ માં લોખંડના પાઈપ બહાર કાઢી જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખી ગુનો કર્યાની પોલીસે બંને વાહનચાલકો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સાત સ્થળોએ જુગારના દરોડા પાડયા

## ૨૭ શખ્સોને રોકડ રૂા. ૪૫ હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સાત સ્થળોએ જુગારના દરોડાઓ પાડીને ૨૭ શકુનીઓને રોકડ રૂા. ૪૫ હજાર ઉપરાંત્તના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

ખાંભા તાલુકાના લાસા ગામની સીમમાં ઉમેશભાઈ ઉર્ફે લાલભાઈ સોમનાથભાઈ જોષીની વાડીમાં સુખા મોહનભાઈ સરવૈયા, પથ્થુ જેતસુરભાઈ વાળા, દેહુર માણાભાઈ કામળીયા સહિત ૭ શખ્સોને પો.કોન્સ. પ્રદિપભાઈ વાળાએ બતીના અજવાળે જુગાર રમતા રોકડ રૂા. ૧૪,૨૬૦ સાથે, ખાંભાના જામકા ગામની સીમમાં ખરાબાની જમીનમાં હારજીતનો જુગાર રમતાં લાલજી જસાભાઈ જાદવ, જોગુ બાપુભાઈ પરમાર, જયસુખ જોરૂભાઈ સોલંકી સહિત ૫ શખ્સોને પો.કોન્સ. રાજુભાઈ બોદરે રોકડ રૂા. ૧૨,૪૫૦ સાથે, લાઠીમાં લાઠી કેરિયારોડ ખોડિયાર નગરમાં બતીના અજવાળે જુગાર રમતાં ભરત બટુકભાઈ ગાંભવા, હિતેષ મધુભાઈ મકવાણા સહિત ૪ શખ્સોને પો.કોન્સ. શૈલેષભાઈ કામળીયાએ રોકડ રૂા. ૧૦,૧૫૦ સાથે, દામનગરના પાડરસીંગા ગામે બળવંત દેવજીભાઈ મકવાણા, હિતેષ ઉર્ફે લાલો પરશોતમભા ચારોલા સહિત ૪ શખ્સોને પો.કોન્સ. લાલજીભાઈ પરમારે રોકડ રૂા. ૪૦૭૦ સાથે, બાબરામાં યુનુસ રાયમલભાઈ કુરેશી, જગદિશ ભીખાભાઈ મારૂ, હિતેષ કાળાભાઈ સરવૈયા સહિત ૫ શખ્સોને પો.કોન્સ. છત્રપાલસિંહ ગોહિલે રોકડ રૂા. ૨૭૦૦ સાથે, અમરેલી બહારપરા વેલનાથ મંદિર પાસે અમિત કાળુભાઈ સોલંકી સહિત ૨ શખ્સોને પો.કોન્સ. વનરાજભાઈ માંજરીયાએ રોકડ રૂા. ૨૨૪૦ સાથે ઝડપી પાડયા હતાં.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૭૦ થી ૧૬૪૮ મગફળી ૧૦૦૫ થી ૧૨૧૪

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૬૦-૧૨૪૫
શિંગમોટી-૧૦૦૫-૧૨૧૪
શીંગફાડા-૧૦૦૦-૧૫૦૨
તલસફેદ-૧૮૦૦-૨૬૯૩
તલકાળા-૨૩૦૦-૩૪૬૫
બાજરો-૪૧૨-૪૭૪
ઘઉંટુકડા-૩૪૦-૬૦૬
ઘઉંલોકવન-૪૯૭-૬૧૦
તલકાશ્મીરી-૩૦૦૦-૩૨૭૦
ચણા-૧૧૮૦-૧૫૫૦૦
કપાસ-૮૭૦-૧૬૪૮
જુવાર-૩૦૦-૭૯૭
વરીયાળી-૧૨૦૦-૧૨૦૦
તુવેર-૧૨૦૦-૧૫૯૫
સોયાબીન-૭૭૦-૮૪૬
એરંડા-૧૦૯૨-૧૧૪૯
મગ-૧૨૧૫-૧૫૨૦
જીરૂ-૩૬૪૦-૪૫૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૫૦-૫૪૦
રીંગણા-૧૦૦૦-૧૨૦૦
ફલાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૪૫૦-૫૨૦
ટમેટાં-૫૦૦-૭૦૦
ફોદીનો-૧૦૦૦-૧૨૦૦
ગાજર-૪૫૦-૫૫૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૫૦૦-૬૦૦
ગુવાર-૧૨૦૦-૧૫૦૦
દુધી-૪૦૦-૫૨૦
તુરીયા-૮૦૦-૯૦૦
ભીડો-૫૦૦-૬૦૦
આદુ-૮૦૦-૯૦૦
કોથમીર-૨૦૦૦-૨૮૦૦
મેથીભાજી-૧૨૦૦-૧૫૦૦
ટીંડોરા-૮૦૦-૯૦૦
લીમડોમીઠો-૧૧૦-૧૩૦
મરચાલીલા-૯૦૦-૧૨૦૦
મુળા-૪૦૦-૫૦૦
લીંબુ-૧૮૦૦-૨૦૦૦
પાલક-૧૦૦૦-૧૨૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૦-૫૩૬
ચણા-૧૩૭૫-૧૩૭૫
ઘઉં-૫૧૫-૬૦૧
જુવાર-૭૭૬-૮૧૫
મેથી-
તલસફેદ-૨૨૦૦-૨૪૪૪
સોયાબીન-
કપાસ-૧૨૦૦-૧૨૦૦
શીંગદાણા-
જીરૂ-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૬૪-૬૬૪
ડુંગળીલાલ-૧૮૫-૮૩૬
ચણા-૭૦૦-૧૪૬૮
તલસફેદ-૨૨૦૦-૨૫૬૧
મગ-૧૧૫૫-૧૫૩૮
અજમા-૧૭૮૦-૨૨૦૦
મેથી-૯૨૦-૯૬૮
ડુંગળીસફેદ-૨૫૧-૪૭૬
નાળીયેર-૩૧૫-૧૭૦૬
બાજરી-૪૩૩-૫૨૪
જુવાર-૪૦૪-૮૨૨
એરંડા-૮૬૦-૯૭૧

**બાબરા**
કપાસ-૧૪૭૫-૧૬૬૫
ઘઉં-૪૬૫-૫૭૫
ચણા-૧૩૯૨-૧૪૫૮
જીરૂ-૪૦૨૫-૪૬૨૫
મગફળી-
બાજરો-

**ધારી**
કપાસ-
ધાણા-૧૧૬૦-૧૧૬૦
ચણા-૧૧૮૬-૧૧૮૬
તલ-૨૨૦૦-૨૨૦૦
મગ-૧૩૦૦-૧૩૦૦
ઘઉં-૪૭૬-૫૧૧
બાજરો-૪૫૫-૪૫૫
તુવેર-૧૬૧૦-૧૬૧૦
શીંગદાણા-
સોયાબીન-૮૩૬-૮૩૬
મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૧૫૧
શીંગદાણા-૧૩૦૦
જીરૂ-૪૨૦૦-૪૬૬૦
તલસફેદ-૨૦૦૦-૨૫૦૭
કપાસ-૧૧૪૦-૧૬૨૧
ઘઉંલોકવન-૫૦૦-૬૦૦
મેથી-૧૧૪૧
ઘઉંટુકડા-૫૪૦-૬૩૪
ચણા-૧૩૦૦-૧૪૦૦
એરડી-૧૦૦૦
જુવાર-૬૦૦-૭૬૨
બાજરો-૪૦૦-૫૦૧
સોયાબીન-૭૮૫

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
અડદ-
ચણા-
મેથી-
બાજરો-
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૫૦૫
તલસફેદ-૧૫૪૦-૨૨૦૦
શીંગદાણા-૧૪૦૦-૧૪૦૦
જુવાર-૩૫૦-૬૫૦
મગ-૧૦૨૦-૧૦૨૦
ઘઉંટુકડા-૪૮૦-૫૩૫
ઘઉંલોકવન-૫૦૪-૫૫૧
ધાણા-૧૦૭૦-૧૨૦૦
મગફળી-૧૦૦૦-૧૦૦૦
ચણા-૧૨૭૧-૧૪૭૧
સોયાબીન-૭૫૫-૭૮૦
અડદ-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૧૩૦૦-૨૦૦૦
મુસંબી-૫૦૦-૭૦૦
સંતરા-૨૩૦૦-૨૯૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૧૦૦
અનાનસ-૧૧૦૦-૧૪૦૦
આલુચા-૧૭૦૦-૨૨૦૦
કેળા-૩૦૦-૪૪૦
પોપૈયા-૭૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-૧૨૦૦-૨૫૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૦
ન્યુનતમ તાપમાન ૨૫.૪
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૨.૮

### કેન્દ્રીય જળસંપતિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ દ્વારા

# રાજયમાં ભાજપ સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવતા શ્રી પાટીલ

## ભાજપમાં સદસ્યતા મેળવવા ૮૮૦૦૦૦૨૦૨૪માં મિસ કોલથી વ્યવસ્થા : ૬૬ લાખ મહિલા સભ્યો બનાવવા પ્રયાસ

અમરેલી,

ભારતીય જનતા પાર્ટીનુ સદસ્યતા અભિયાન-૨૦૨૪નોપ્રારંભગઈકાલેવૈશ્વીક નેતાઅનેવડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઈમોદીનવી દિલ્હી ખાતેથી કરાવ્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગઈકાલે પ્રાથમિક સદસ્યતાપ્રાપ્તકર્યાપછીજણાવ્યુંહતુકે,દેશમા ભારતીયજનતાપાર્ટીજએકમાત્રએવીપાર્ટી છે જે પક્ષના બંધારણ મુજબ અક્ષરશઃ લોકતાંત્રિક પ્રક્રિયાનુ પાલન કરી કાર્યકર્તાઓનો વિસ્તાર કરી રહી છે. આજ રોજ ગુજરાત રાજય ખાતે સદસ્યતા અભિયાનનો પ્રાંરભ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને સદસ્યતા અપાવી કર્યો. આ કાર્યક્રમમા પ્રદેશના સંગઠનમહામંત્રીશ્રી રત્નાકરજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાયો હતો. સદસ્યતા અભિયાનના કાર્યક્રમમા પુર્વ મુખ્યમંત્રી તેમજ પુર્વ નાયબ મુખ્યમંત્રી, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પ્રમુખશ્રીઓ, મેયરશ્ર અનેડે.મેયરશ્રીઓ સહિતના પદાધિકારીશ્રીઓને નવેસરથી સદસ્યતા મેળવી. સરપંચ થી લઈ સાંસદ સુધીના તમામ જનપ્રતિનિધીશ્રીઓ આવતીકાલ ૧૨ વાગ્યા સુધીમા ૧૦૦અન્ય લોકોને પ્રાથમિક સભ્ય તેમની લીંક પરથી બનાવશે.આ કાર્યક્રમમા સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જશ્રી કે.સી.પટેલે પ્રાસંગીક સંબોધન કરી કેવી રીતે વધુમા વધુ લોકોને ભારતીય જનતા પાર્ટી સાથે જોડવા તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી પાટીલજીએ વધુમા જણાવ્યું કે, આગામી ૧૫અને ૧૬ તારીખે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વિવિધ કાર્યક્રમમા ઉપસ્થિત રહેવાના છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી પહેલી વખત ગુજરાત પધારી રહ્યા હોય ત્યારે વૈશ્વીક નેતા અને લોકલાડિલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનુ ભવ્ય સ્વાગત કરી સંગઠનની એકતા બતાવવાનો પ્રયાસ કરીશું. પ્રાથમિક સભ્યો અને પેજ સમિતિના સભ્યો વચ્ચેના તફાવત અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી. લોકસભા અને વિધાનસભામા ૩૩ટકા અનામતનો લાભ મળવાનો છે ત્યારે મહિલાઓ પણ સંગઠનમા ૩૩ ટકાના ભાગીદાર બને અને અંદાજે ૬૬ લાખ જેટલા સભ્યો મહિલાઓ બને તેવો પ્રયાસ કરવામા આવે. તેમ શ્રી પાટીલે જણાવ્યું છે.




# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં સેબીના ટ્રેનર્સ દ્વારા ઇન્વેસ્ટમેન્ટ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

## કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને રોકાણો વિષે માહિતગાર કરાયા



અમરેલી,અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ - અમરેલી ખાતે આજરોજ ઈન્વેસ્ટમેન્ટ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સેમિનાર અંતર્ગત સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (જીઈબી)ના સ્માર્ટ ટ્રેનર્સ શ્રી વૈભવભાઈ પુરાણીક તથા ડો. અપર્ણા પુરાણિક ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રોકાણો વિષેના વિવિધ વિકલ્પો વિશે તલસ્પર્શી માહિતી આપી હતી. તથા આજકાલ વધી રહેલા ફાઈનાન્સિયલ ફ્રોડથી કેવી રીતે બચી શકાય તેના વિશે જાણકારી આપી હતી. આ સેમિનાર ખૂબ જ માહિતીપ્રદ રહ્યો હતો. સેમિનારનું કોલેજના એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો. એ. બી. ગોરવાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે. એમ. તળાવીયા તથા એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. વિલસનકુમાર વસાવાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ પ્રા. ડો. એમ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું તેમ આઈ.કયુ.એ.સી. કોઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવીયાએ જણાવ્યું હતું.

# બાબરાના ચેક રિર્ટનના કેસમાં એક વર્ષની સાદી કેદ

## સિનિયર ઓડવોકેટ શ્રી રાજુભાઇ બારૈયાની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી



બાબરા,(દિપક કનૈયા)બાબરા તાલુકાના સુખપુર ગામના રહીશ ધર્મેશભાઈ મેસુરભાઈ બકુત્રાને બાબરાના રહીશ મિહિરભાઈ યોગેશભાઈ તેરૈયાએ આપેલ ચેક બેક માંથી રિટર્ન થતા ધર્મેશભાઈએ મિહિરભાઈ સામે બાબરા ના પ્રિન્સિપાલ જ્યુડીસિયલ મેજિસ્ટ્રેટ શ્રી એસ.સી વાઘેલાની કોર્ટમાં ચેક રીટર્ન અંગેની ધી નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ના ગુન્હા મુજબની પ્રાઈવેટ ફોજદારી ફરિયાદ દાખલ કરતાંબાબરાના પ્રિન્સિપાલ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ શ્રી એસ સી વાઘેલાએ આરોપી મિહિરભાઈ યોગેશભાઈ તેરૈયા રહે બાબરા વાળાને એક (૧) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરે છે તેમજ આરોપીએ ફરિયાદીને વળતર પેટે ૧,૫૦,૦૦૦ચૂકવીઆપવાનોપણ હુકમ કરેલ છે આ કેસમાં ફરિયાદી ધર્મેશભાઈ મેસુરભાઈ બકુત્રા રહે સુખપુર વાળા તરફે બાબરાના સિનિયર એડવોકેટ શ્રી રાજુભાઈ બારૈયા રોકાયેલા હતા.

### જિલ્લા અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓને દિશાનિર્દેશો આપ્યા

# અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવાના સુચારુ આયોજન સંદર્ભે બેઠક યોજાઇ

## એનિમિયા, ગ્રોથ મોનિટરીંગ, પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા ટેકનોલોજી અને સર્વગ્રાહી પોષણ થીમ પર પોષણ માસની ઉજવણી થશે

અમરેલી,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં પોષણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કડીના ભાગરુપેસપ્ટેમ્બર-૨૦૨૪માંસાતમાંપોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે, રાજ્યમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેપોષણમાસનીઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો.અમરેલી જિલ્લામાં સપ્ટેમ્બર માસની તા.૦૧ થી તા.૩૦ દરમિયાન પોષણ માસની ઉજવણી જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમોમાં એનિમિયા, ગ્રોથ મોનીટરીંગ, પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી સહિતના વિષયોને આવરી લેવાશે, જે સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા ટેકનોલોજી અને સર્વગ્રાહી પોષણ થીમ પર જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. 'રાષ્ટ્રીય પોષણમાસ'નીઉજવણીનાસુચારુઆયોજન સંદર્ભે અમરેલી જિલ્લામાં કરવાની થતી કામગીરી અને આયોજન અર્થે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી. 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણીના અન્વયે થયેલ કામગીરી અને આયોજન અંગેની વિગતો જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મેળવી તેની સમીક્ષા કરી હતી. આગામી તા.૩૦ સુધી હાથ ધરવાની પ્રવૃત્તિઓ અને તેના આયોજનની સમીક્ષા કરી હતી.

આ સમગ્ર માસ દરમિયાન અર્થમાં થીમ આધારિત પ્રવૃત્તિ થકી સરકારના ઉદેશ્યને ચરિતાર્થ કરવા માટે આયોજનબદ્ધ કાર્યક્રમો થાય. ખાસ કરીને પોષણને લગતી તમામ પ્રવૃત્તિ જિલ્લાના દરેક આંગણવાડી કેન્દ્ર પર થાય, તે વિગતોની જાળવણી થાય તે રીતે તેને સાચવવામાં આવે. શ્રી પંડ્યાએ વધુમાં સૂચન કર્યુ કે, આરોગ્ય વિભાગના સહયોગ અને સંકલનથી, આગામી તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના જિલ્લાના તમામ સબ સેન્ટર પર સાર્વત્રિક એનિમિયા ટેસ્ટ કાર્યક્રમ કરવામાં આવે. આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોટક, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મિયાણી, આઈ. સી.ડી. એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી, વીડિયો કોન્ફરન્સના માધ્યમથીસી.ડીપી.ઓ.શ્રીતેમજઅધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ જોડાયા હતા.

# અમરેલી જિલ્લા કક્ષાની રમત ગમત સ્પર્ધા યોજાતા વેઇટમાં ત્રણ વિદ્યાર્થીઓ વિજેતાં

## ત્રણેય વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએથી રાજય કક્ષાએ જશે



અમરેલી,

તાજેતરમાં સાવરકુંડલા મુકામે યોજાયેલ કરાટે જુદા-જુદા વેઈટ તથા વયકક્ષા મુજબ શાળા ના ત્રણ વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ છે. આગામી દિવસોમાં આ ત્રણેય વિદ્યાર્થી રાજયકક્ષાની સ્પર્ધામાં જશે. આ વિદ્યાર્થીઓને તાલીમ-માર્ગદર્શન કૃણાલભાઈ પરમાર દ્વારા મળેલ. તેમ શાળાના આચાર્ય નિરૂપમાબેન સંજયભાઈ મહેતાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી શ્રીમતિ એસ. એસ. અજમેરા કન્યા વિદ્યાલયમાં શ્રાવણી સોમવારની ઉજવણી

## શાળાની બે વિદ્યાર્થીની દ્વારા શંકર-પાર્વતિની વેશભુષા રજુ કરાઇ



અમરેલી,

આજે યુવા પેઢીમાં જયારે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો છે ત્યારે અજમેરા વિદ્યાવિહાર અમરેલીની વિદ્યાર્થીની બહેનો દ્વારા ભારતીય સંસ્કૃતિને અનુસરીને પરંપરાગત રીતે શ્રાવણમાસનાં છેલ્લા સોમવારની ઉજવણી કરવામાં આવી હતી. શાળાની બેવિદ્યાર્થીનીબહેનોદ્વારાશંકર-પાર્વતિની વેશભુષામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમનું આકર્ષણ જણાવ્યુંહતું. વિદ્યાર્થીની બહેનો તથા સમગ્ર સ્ટાફ દ્વારા ૫૬ ભોગનો પ્રસાદ ધરીને ભગવાન શિવની આરાધના કરવામાં આવી હતી.

આ આખા શ્રાવણ માસમાં રોજ સવારે ભગવાન શિવની સરસ પ્રતિકૃતિ બનાવીને તેની આરતી કરવામાં આવતી હતી. આજે છેલ્લા સોમવારે શિવ આરતી અને શિવ ધુન દ્વારા ભગવાન શિવની આરાધના કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં સુંદર વિચાર બીજ શાળાનાં શિક્ષક આશિષભાઈ સોની દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. શાળાનાં મેનેજીંગ ટ્રસ્ટી તથા આચાર્ય દ્વારા સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો હતો.

### જિલ્લા આરોગ્ય વિભાગના આદેશથી

# જાળીયા પ્રાથમિક આ. કેન્દ્રના આરોગ્ય કર્મીઓ દ્વારા સર્વે : પોરાનાશક કામગીરી

## જાળીયા, લાલાવદર, દેવળીયા સહિતના ગામોમાં આયોજન : માર્ગદર્શન



અમરેલી,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.આર એમ જોશી, ડો. એ કે સિંગ, ડો. આર કે જાટ તથા ડો સાલવી તથા તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડોકટર રાજીવકુમારસિંહાના નેતૃત્વ નીચે તથા મેડિકલ ઓફિસર જાળીયા ડોકટર અલ્પાબેન ઠક્કર તથા સુપરવાઈઝર શ્રી કે એમ પંચોલી તથા પી.આર.જાલા માર્ગદર્શન તળે જાળીયા, લાલાવદર અને દેવળીયા ગામે આરોગ્ય કર્મચારીશ્રીઓ દ્વારા ઘરે ઘરે જઈ સર્વે કરી પોરાનાશક કામગીરી કરવામાં આવેલ તથા વરસાદ ના પાણી થી ભરાયેલા નકામા પાત્રો ને ખાલી કરી દૂર કરાવેલ અને પક્ષિઓ માટે રાખેલા કુંડા દિવાળી સુધી ના ભરવા સમજાવેલ, ખુલ્લી ટાંકીમા પોરાભક્ષક માછલી મુકવા સમજાવેલ જેવી વગેરે કામગીરી સાથે સાથે વાહકજન્યરોગ અંતર્ગત ગ્રામજનોને માર્ગદર્શન આપવામાં આવેલ.આ કામગીરી જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે ડો. અલ્પાબેન ઠક્કર તથા કે.એમ પંચોલી તમામ કર્મચારીઓ નો આભાર માને છે.

### ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# કોડિનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે વૈજ્ઞાનિકો



ગીર સોમનાથ,

સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિશરીઝ તેમજ ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ વેરાવળની ટીમે નિરિક્ષણ હેતુથી કોડિનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્ય નિરિક્ષક સિનિયર વૈજ્ઞાનિક અને ઈન્ચાર્જ, સી.આઈ.એફ.ટી, ડો. આશિષકુમાર ઝા તેમજ ડો. ચિન્નાદુરાઈ રહ્યાં હતા.કે.વી.કેના વડા શ્રી જીતેન્દ્રસિંહ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ટીમ દ્વારા કરવામાં આવેલી.

### જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લામાં મગફળીના પાકમાં મુંડા જીવાત સામે માર્ગદર્શન

જૂનાગઢ,

જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા મગફળીના પાકમાં ધૈણ ઢાલિયા (મુંડા) પ્રકારના જીવાતના સંકલિત વ્યવસ્થાપન અંગે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.આ માર્ગદર્શિકા અનુસાર ધૈણના ઢાલિયા કીટકો પ્રકાશ તરફ આકર્ષાતા હોવાથી રાત્રિ દરમિયાન પ્રકાશ પિંજર ગોઠવી આકર્ષાયેલા ઢાલિયા ભેગા કરી નાશ કરવો. મગફળીના ઊભા પાકમાં મુંડાના અસરકારક નિયંત્રણ માટે ઉગાવાના ૩૦ દિવસ બાદ બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારીઝીયમ એનીસોપ્લી ડ્રેન્ચિંગ દ્વારા ૫.૦ કિ.ગ્રા./હેકટર પ્રમાણે જમીનામાં આપવું. સફેદ ધૈણ (મુંડા)નો ઉપદ્રવ ઓછો હોય ત્યારે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૪૦ થી ૫૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં મીશ્ર કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવાથી નિયંત્રણ મેળવી શકાય છે.ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી.અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. હેકટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સારૂ નિયંત્રણ મળે છે. ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનુ હોય ત્યારે આ જીવાતોના નિયંત્રણ કરવા માટે કલોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સુકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુંખવી, ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવુંપિયત આપવુ. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ)નો સંપર્ક સાધી શકાશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જૂનાગઢ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# જુનાગઢ ફાયર બ્રિગેડ દ્વારા રેસ્કયુ

જુનાગઢ, (હિતેષ પારેખ)ભાદરવી અમાસ દરમિયાન જુનાગઢના દામોદર કુંડમાં ફાયર બ્રિગેડની ટીમ રાખવામાં આવી હતી. તરવૈયાઓએ તા.૧-૯-૨૪ના સવારથી સાંજ સુધી કુલ ૧૨ માણસોનુંરેસ્કયુકરીજીવીતબહારકાઢેલ અને તા.૨-૯-૨૪ના અમાસના દિવસે બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૬ વ્યકિતને અને બપોર પછી ૮ વ્યકિતનું રેસ્કયુ કરી જીવીત બહાર કાઢી કુલ ૩૬ માણસોનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. ઉપરોકત વધાવી ગામે ચેકડેમમાં અલ્ટો કાર પડી ગયેલ હોય જેનું રેસ્કયુ કરી સાથેના માણસને બહાર કાઢવામાં આવ્યો હતો.

# ૬ સપ્ટેમ્બર સુધી ફરી વરસાદની શકયતા

અમદાવાદ,

ગુજરાતમાં ફરી વરસાદનો એક રાઉન્ડ આવી ગયો છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણમાં મેઘ મહેર રહેશે. સૌરાષ્ટ્રમાં યલો અને દક્ષિણમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ભરૂચ, સુરત, નર્મદા, તાપી, નવસારીમાં ભારે વરસાદ થશે. વલસાડ, ડાંગ અને દમણમાં પણ ભારે વરસાદની શક્યતા છે. તો અમરેલી, ભાવનગર, વડોદરામાં છુટાછવાયા વરસાદ થશે. સપ્ટેમ્બર મહિનામાં સામાન્ય કરતા વધુ વરસાદ રહેશે. મહત્વનું છે કે ઓરિસ્સા અને આંધ્ર પ્રદેશ પર બનેલા ડીપ્રેશનના કારણે ગુજરાતમાં ફરી વરસાદ આવશે ત્યારે આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. તો સૌરાષ્ટ્ર સહિત અમુક વિસ્તારોમાં છુટાછવાયા વરસાદની આગાહી છે.

# સુરતમાં વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાયો

## સ્વ. સોની હિરાબેન સતીકુંવર ટ્રસ્ટ અને વિવિધ સંસ્થાઓનું આયોજન




સુરત,

સુરત સમસ્ત પરજીયા એજ્યુકેશન ટ્રસ્ટ અને શિવ શકિત એજ્યુકેશન ટ્રસ્ટ સુરત સોની સમાજ યુવક મંડળ આયોજીત સોની સમાજના વિદ્યાર્થીઓને સન્માનિત કરેલ આ અવસર પર વેરાવળ સોમનાથ માં સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વ પુનમ બેન ધાણક સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુંવર પ્રેરીત સ્વ સોની હીરાબેનપ્રભુદાસસતીકુંવર સેવાટ્રસ્ટ ના સોની યોગેશભાઈ પ્રભુદાસભાઈ સતીકુંવર દ્વારા સુરત સોનીસમાજના.પ્રમુખ વિમલભાઈ તેમજ અન્ય અગ્રણીઓને સોમનાથ મહાદેવની પ્રસાદી ફોટો આપી પ્રોત્સાહિત કરેલ સત્કાર સમારંભ કાર્યક્રમ અંતર્ગત સુરત સમસ્ત પરજીયા એજ્યુકેશન ટ્રસ્ટ સમસ્ત પરજીયા સોની સમાજ યુવક મંડળ ના પ્રમુખ સહીત અન્ય અગ્રણીઓ દ્વારા વેરાવળ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ ના સોની યોગેશ ભાઈ સતીકુંવર ના હસ્તે સોની સમાજ ના વિદ્યાર્થીઓ ને સન્માનિત કરવા નો અમૂલ્ય અવસર માં સ્થાન આપેલ જે બદલ સુરત સમસ્ત પરજીયા એજ્યુકેશન ટ્રસ્ટ શિવ શકિત મહીલા મંડળ સહીત યુવક મંડળ ધન્યવાદ આભાર વ્યક્ત કરેલ હોવાનુ સામાજીક કાર્યકર સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર ટ્રસ્ટ અદયશ્ર સોની ગીતાબેન દીલીપભાઈ ચલ્લા દ્વારા જણાવેલ.

# સુરત મહાપાલિકાના બે કોર્પોરેટર સામે રૂા.૧૦ લાખની લાંચનો ગુનો નોંધાયો

સુરત,

સુરત શહેરની ટ્રાફિક સમસ્યાને હળવી કરવા અને નાગરિકોને સુગમતા મળી રહે તે સારૂ સુરત મહાનગરપાલિકાના મગોબ ગામની સીમમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૫૩ના ફાઈનલ પ્લોટ નં.૮૮ માંમલ્ટીલેવલ પેએન્ડ પાર્કની સુવિધા ઊભી કરવામાં આવેલ. આ અંગે 'પે એન્ડ પાર્ક'નો કોન્ટ્રાક્ટ એ.સી.બી.ના અરજદાર/કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલ. આ 'પે એન્ડ પાર્ક'ની સુવિધાવાળી જગ્યાની બાજુમાં મહાનગરપાલિકા દ્વારા શાકભાજી માર્કેટની જગ્યા પણ ફાળવવામાં આવેલ હતી. સુરત મહાનગરપાલિકાના પુણાના વોર્ડ નં. ૧૬ અને ૧૭. ના કોર્પોરેટર (૧) જીતુ ઉર્ફે જીતેન્દ્ર પાંછાભાઈ કાછડીયા અને (૨) વિપુલભાઈ વસરામભાઈ સુહાગીયાનાઓએ આ 'પેએન્ડ પાર્ક' ની સુવિધાવાળી જગ્યાની મુલાકાત લીધેલ, જે દરમ્યાન તેઓએ કોન્ટ્રાક્ટરને શાકભાજી માર્કેટની કોર્પોરેશનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરેલાનું જણાવી, તેઓ સાથે તકરાર અને બોલાચાલી કરી, આ અંગે પોલીસ ફરિયાદ કરવાની અને કોન્ટ્રાક્ટ રદ કરાવી દેવાની ધમકી આપેલી. આ અંગે કોન્ટ્રાક્ટર પાસે ગેરકાયદેસર દબાણ કરવા બાબતનું માફીપત્ર લખાવેલ અને ત્યારબાદ આ બંન્ને કોર્પોરેટરોએ જો આ કાર્યવાહીથી એટલે કે કોન્ટ્રાક્ટ રદ કરવામાંથી બચવુ હોય તો રૂા.૧૧ લાખ આપવા પડશે તેવી માંગણી કરેલ. આ અંગે બંન્ને કોર્પોરેટરોએ કોન્ટ્રાક્ટર સાથે રૂબરૂમાં તથા મોબાઈલ ફોન પર લાંચની માંગણી અંગેની વાતચીત કરેલી અને લંબાણપૂર્વકની રકઝકને અંતે રૂા. ૧૦ લાખ આપવાનું નક્કી થયેલ. જે અંગે વાતચીતમાં જ ડોકયુમેન્ટ એટલે નાણાં એવી સ્પષ્ટતા આરોપીઓ દ્વારા કરવામાં આવેલ. આ અંગે કોન્ટ્રાક્ટર પોતે આ લાંચના નાણાં આપવા માંગતા નહોઈ, વાતચીતના રેકોડીંગની CD સાથેની વિગતવારની અરજી એ.સી.બી.માં કરેલ. આ આધારે એ.સી.બી. દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ આ અરજીની વૈજ્ઞાનિક ઢબે તપાસ કરતાં મળેલ પુરાવાઓ આધારે આ બંન્ને કોર્પોરેટર (૧) જીતુ ઉર્ફે જીતેન્દ્ર પાંછાભાઈ કાછડીયા અને (૨) વિપુલભાઈ વસરામભાઈ સુહાગીયા વિરૂધ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો બનતો હોવાનું ફલીત થતા આ અંગે સુરત શહેર એ.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કલ્પેશ ધડુકનાઓએ સરકાર તરફે ફરિયાદી બની રૂા. ૧૦ લાખની લાંચની માંગણી અંગેનો ગુનો નોંધાવેલ છે. આ કેસનું સુપરવિઝન સુરત એકમના મદદનીશ નિયામકશ્રી આર.આર .ચૌધરીનાઓ કરી રહેલ છે.

### કચ્છના દાનવીર હસુભાઇનું મોમ્બાસામાં નિધન

કચ્છ,કચ્છી દાતા હસુભાઈ ભુડિયાના નિધનથી કચ્છી લેઉવા પટેલ સમાજમાં શોક વ્યાપી ગયો છે. મોમ્બાસા ખાતે તેમની અંતિમ વિધિમાં લોકો ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડ્યા હતા. આ કચ્છી દાતાનાં દાનની દિલેરી અને સરવાણીનો લાભ વ્યાપક માત્રામાં આફ્રિકન દેશોને પણ મળ્યો છે. બે દેશના રાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં હસુભાઈની કરાઈ અંતિમ વિધિ કરાઈ હતી. કચ્છી દઆતા હસમુખભાઈની અંતિમયાત્રા આફ્રિકાના મહત્ત્વના બે દેશ કેન્યા અને યુગાન્ડાના રાષ્ટ્રપતિની હાજરીમાં કરાઈ હતી.

### કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છમાં પાક નુકશાની સર્વેની કામગીરી શરૂ

ભુજ,

કચ્છ જિલ્લામાં પડેલાભારે વરસાદની અસરખેડૂતોના પાકમાં નુકસાનરૂપેજોવામળીછે. રાજ્યસરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય લઈને યુદ્ધના ધોરણે પાક સર્વેની કામગીરી કરવા માટે નિદર્શો આપ્યા છે. કચ્છ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ, પાણી ભરાઈ જવાના લીધે કપાસ, મગફળી, મગ, મઠ, અડદ, તુવેર, તલ, દિવેલા, બાજરી, ગુવાર અને શાકભાજી તેમજ બાગાયતી પાકો જેવા કે પપૈયા અને કેળાના પાકમાં પ્રાથમિક દ્રષ્ટિએ નુકસાન જોવા મળ્યું છે. કચ્છ જિલ્લાના પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરિયા અને જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ આપેલી સૂચના અનુસાર જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કિરણસિંહ વાઘેલા અને જિલ્લા બાગાયત અધિકારીશ્રી મનદિપ પરસાણિયા દ્વારા પાકસર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી કચેરી અને બાગાયત કચેરી દ્વારા ગ્રામસેવકશ્રી અને તલાટીશ્રીની આગેવાનીમાં ૧૦૦ ટીમની રચના કરવામાં આવી છે. કચ્છ જિલ્લો વિશાળ ખેતીવાડી વિસ્તાર ધરાવતો હોય જિલ્લામાં સર્વેની કામગીરી ઝડપથી અને ચોકસાઈથી થઈ શકે તે માટે અન્ય જિલ્લામાંથી પણ ૮૦ ટીમની માગણી કરવામાં આવી છે. હાલમાં કચ્છ જિલ્લાના માંડવી, અબડાસા, લખપત, મુન્દ્રા, ભુજ, અંજાર, નખત્રાણા અને ગાંધીધામ તાલુકામાં વિગતવાર પાક સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં ખેતીવાડી કચેરીના પ્રાથમિક સર્વે અને અંદાજ મુજબ ૭૩૦ ગામના કૃષિ વિસ્તારમાં નુકસાની જોવા મળી છે. ખરીફ પાક અને બાગાયત પાકના અંદાજિત ૧.૮૬ લાખ હેક્ટર વિસ્તારમાં પાક નુકસાન પ્રાથમિક દ્રષ્ટિએ જોવા મળ્યું છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કિરણસિંહ વાઘેલા દ્વારા જણાવાયું છે.

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૦૪-૦૯-૨૦૨૪ બુધવાર


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### શ્રી ઝુલેલાલ ચાલીસા મહોત્સવનું ઉતરસિંધી પંચાયત દ્વારા આયોજન થતાં

# અમરેલીમાં આજે ઝુલેલાલ ચાલીસા મહોત્સવની પુર્ણાહુતિ

**ગત તા. ૨૭-૭ થી ચાલીસા ઉત્સવનો પ્રારંભ થયો : આજે તા. ૪ના પુર્ણાહુતિ**

**પુર્ણાહુતિ નિમિતે અંખો ભજન કિર્તન, મહાઆરતી, ઇનામ વિતરણ કાર્યક્રમો**

**ઝુલેલાલ ભગવાનની ભવ્ય શોભાયાત્રા ડિજે સાથે નિકળશે : બપોરે રાત્રે મહાપ્રસાદ**

**મંદિરે અખંડ જયોત, અંખો મંદા સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

અમરેલી,

શ્રી જુલેલાલ ચાલીસા મહોત્સવની પુર્ણાહુતિ નિમિતે ઉતરસિંધી પંચાયત દ્વારા આજે પુર્ણાહુતિ થનાર છે. જુલેલાલની ભવ્ય શોભાયાત્રા, ઈનામ વિતરણ, મહાઆરતી સહિત કાર્યક્રમોનું આયોજન થયેલું. અંતે તા.૪-૯-૨૪ને બુધવારે જુલેલાલ મંદિરે અંખડ જયોત, અખો મંદા, સત્સંગ ભજન, છપ્પન ભોગ, કૃષ્ણ જન્મોત્સવ મનાવવામાં આવ્યો હતો.

આજે ચાલીસ દિવસ પુરા થતાં સિંધી સમાજ પોતાના ધંધા રોજગાર બંધ રાખી ધામધુમથી ચાલીસા મહોત્સવમાં જોડાશે. સવારે ૧૧ વાગ્યે સત્સંગ ભજન, કિર્તન , મહાઆરતી બપોરે ૧૧-૩૦ કલાકે ઈનામ વિતરણ ૧૨-૩૦ કલાકે જ્ઞાતિ ભોજન, ૪ કલાકે ડિજે સાથે જુલેલાલ શોભાયાત્રા રાત્રે ૯ કલાકે સમુહ જ્ઞાતિ ભોજન યોજાનાર છે. તેમ ઉતરસિંધી પંચાયતના પ્રમુખ દ્વારા જણાવાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા જુલેલાલ યુવક મંડળ જહેમત ઉઠાવી રહ્યું છે.

### ગુજરાત પ્રદેશ ભાજપના આદેશથી સદસ્યતા અભિયાન

## અમરેલી જીલ્લામાં ભાજપ દ્વારા કાર્યશાળા યોજાઇ

**અમરેલી શહેર જીલ્લામાં પાંચ લાખ કરતા પણ વધારે પ્રાથમિક સભ્યો બનાવવાનો દ્રઢ નિર્ધાર**



અમરેલી,કેન્દ્રીય ભારતીય જનતા પાર્ટીની યોજના અનુસાર સમગ્ર દેશમાં સદસ્યતા અભિયાનનો ૨ સપ્ટેમ્બર થી દેશના યશસ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી ને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડા જી સદસ્ય બનાવી અભિયાનનું શુભારંભ કરીદીધેલ છે. જેના દ્વારા સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સદસ્ય બનાવવાની શરૂઆત થઈ ચૂકેલ છે. પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ કક્ષાએ તા. ૩ સપ્ટેમ્બરના રોજ માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલજી સદસ્ય બનાવી અભિયાનનો પ્રદેશમાં શુભારંભ કરશે. તા.૦૪ સપ્ટેમ્બર ના જીલ્લા કક્ષાએ આ અભિયાનનો પ્રારંભ થશે તો અમરેલી જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ જીલ્લાના પ્રભારીશ્રી , અધ્યક્ષશ્રી , સાંસદશ્રી , ધારાસભ્યશ્રીઓ , જીલ્લા ભાજપના પદાધિકારીઓ , મંડલના તમામ પદાધિકારીઓ , જીલ્લા તેમજ મંડલના સદસ્યતા અભિયાનના સંયોજકશ્રીઓ /સહ - સંયોજકશ્રીઓ , ચુટાયેલા પ્રતિનિધિઓ , આઈ.ટી. અને સોશિયલ મીડિયા ટીમ હાજરીમાં આ અભિયાનનો શુભારંભ થશે. અમરેલી જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આ અભિયાન ને સફળ બનાવવા માટે જીલ્લા સ્તરની કાર્યશાળા ત્યારબાદ ૨૦ મંડલની અંદર મંડલ સ્તરની કાર્યશાળાઓ, સંયુક્ત મોરચાઓની કાર્યશાળા યોજાયેલ જેમાં અમરેલી જીલ્લા ભારતીય જનતા પાર્ટીના વિવિધ પદાધિકારીઓ, ચુટાયેલા પ્રતિનિધિઓ,સીનીયર આગેવાનો એ માર્ગદર્શન આપેલ અને જીલ્લા ભરમાં પાંચ કરતા પણ વધારે પ્રાથમિક સદસ્યો બનાવવા માટે આહવાન કરેલ આ તકે ગુજરાત સરકાર ના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા ,સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યશ્રીઓ મહેશભાઈ કસવાલા ,જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવીયા ,જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા (અભિયાનના સંયોજક ),પીઠાભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા, અભિયાનના સહ - સંયોજક શરદભાઈ પંડયા , ભાવનાબેન ગોંડલીયા,અતુલભાઈ કાનાણી, મયુરભાઈ માંજરીયા(મંત્રી,પ્રદેશ બક્ષીપંચ મોરચો), શ્રી મનોજભાઈ મહીડા(મંત્રી,જીલ્લા ભાજપ), શ્રી અશ્વિનભાઈ સાવલિયા (ચેરમેન, અમર ડેરી અમરેલી), શ્રી રાજુભાઈ ભૂતૈયા (પ્રમુખ, જીલ્લા બક્ષીપંચ મોરચો), શ્રી મૌલિકભાઈ ઉપાધ્યાય(મહામંત્રી,જીલ્લા યુવા ભાજપ), શ્રી જલ્પેશભાઈ મોવલીયા (ભાજપ અગ્રણી) શ્રી ભરતભાઈ પાડા(પૂર્વ મહામંત્રી,જીલ્લા યુવા ભાજપ), શ્રી રવુભાઈ ખુમાણ (પૂર્વ મહામંત્રી જીલ્લા ભાજપ) વગેરેએ વિવિધ કાર્યશાળાઓમાં માર્ગદર્શન આપેલ.

## અમરેલી ગજેરા કેમ્પસમાં નંદોત્સવની ઉજવણી

**૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કાન્હા રાધા કોમ્પીટીશનમાં ભાગ લીધો**



અમરેલી,ભારત તહેવારોનો દેશ છે આપણે ધાર્મિક સામાજિક અને તહેવારો ઉજવીએ છીએ તેમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ દિવસ એટલે કે જન્માષ્ટમી શ્રાવણ સુદને સાતમનો દિવસ અને આઠમની મધ્યરાતે ભગવાન શ્રીકૃષ્ણ મથુરા ની જેલમાં જન્મયા હતા. જગતના નાથ નો જન્મદિવસ નંદોત્સવ ૨૦૨૪નું શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના બાલમંદિરથી ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી જેમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કાન્હા, ગોપી, રાધાજી અને યશોદાજી-કાન્ફા (માતા-બાળક) તથા ગોકુળીયાના ગોવાળિયાની વેશભૂષા ધારણ કરી નાના ભૂલકાઓ દ્વારા પ્રસંગને અનોખો બનાવી ભગવાનનું બાળ સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું અને આખું કેમ્પસ જય કનૈયા લાલ સાથે ગુંજી ઉઠ્યું વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહભેર ભાગ લઈ જન્માષ્ટમી મહોત્સવ ની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓ દ્વારા મટુકી ફોડી રાસ ગરબા સાથે ભગવાન બાળ સ્વરૂપે રાસલીલા રમી રહ્યા હોય તેવો નજારો પણ જોવા મળ્યો હતો જેમાં બેસ્ટ કાના અને બેસ્ટ રાધા તેમજ બેસ્ટ યશોદાજી ની જોડી ને નિર્ણાયકોની ટીમ સારું પર્ફોર્મન્સ કરેલ ને વિભાગ વાઈઝ બાલમંદિર તેમજ ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ, ઈંગલિશ મીડીયમ અને મિશ્ર માધ્યમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપેલ વિદ્યાર્થીઓને ભેટ-પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા. વિદ્યાર્થીઓમાં અભ્યાસ અને સંસ્કારનું સીંચન થતું રહે તેવા હેતુ સર કેમ્પસમાં આવા સાંસ્કુતિક કાર્યકર્મની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભુવા, સુરેશભાઈ દેસાઈ, રાજુભાઈ ગઢીયા, ગણપતભાઈ, સાગરભાઈ મહેતા, સરલાબેન ગજેરા, પટેલ સમાજ અને ખોડલધામ સમિતિના હોદ્દેદારો, મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, ટ્રસ્ટીશ્રી ખોડાભાઈ સાવલિયા, કેમ્પસ ડાયરેકટરશ્રી વસંતભાઈ પેથાણી, સ્કફૂલ-કોલેજ પ્રિન્સિપલશ્રીઓ, સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૨૧મીએ અમરેલી જિલ્લા સંકલન ફરિયાદ સમિતિની બેઠક યોજાશે

અમરેલી, અમરેલી જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધીશ્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા સેવા સદન (કલેકટર કચેરી) ખાતે યોજાનાર આ બેઠકમાં લોક પ્રતિનિધીશ્રીઓ અને અધિકારીશ્રીઓ સાથે નાગરિકોના પ્રશ્નોની થશે. નિકાલ બાકી હોય તેવા કાગળ, અવેઈટ અને બાકી પેન્શન કેસ, વસૂલાત, નાગરિક અધિકાર પત્ર તળેની અરજીઓ, રજૂઆતોના નિકાલ અને વિવિધ અરજીઓ માટે કરવાની કાર્યવાહીની ચર્ચા અને સમીક્ષા સહિતની બાબતોને સંકલન સમિતિમાં આવરી લેવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા કલેકટર કચેરી દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### નકળંગ આખ્યાન મંડળ અને ચક્કરગઢ ગામ વતી

## ચક્કરગઢમાં રામદેવજી મહારાજનાં નવરાત્રી પાટોત્સવ અને ચાદરવિધી મહોત્સવ યોજાશે

**સૌરાષ્ટ્રનાં સંતો, મહંતો ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવશે**

અમરેલી,શ્રી નકળંક આખ્યાન મંડળ અને ચક્કરગઢ ગામ વતી શ્રી રામદેવજી મહારાજનાં નવરાત્રી પાટોત્સવ તથા પ્રાગટ્ય મહોત્સવ તેમજ ચાદર વિધી ભાદરવા સુદ ૧ બુધવાર તા.૪-૯-૨૪ થી ભાદરવા સુદ ૧૦ શુક્રવાર તા.૧૩-૯-૨૪ સુધી આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વો ધર્મપ્રેમી, ભાવિક ભક્તજનોને તથા ગામની બહેન દિકરીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. તા.૧૩-૯-૨૪ શુક્રવારનાં સાંજનાં ૫ કલાકે આખુ ગામ ધુમાડા બંધ રાખેલ છે. નેજા તેમજ દેગના દિવસે તા.૧૨-૯ ગુરૂવારનાં સાંજે ૫ કલાકે ગામ ધુમાડા બંધ રાખેલ છે. દરરોજ રાત્રીનાં ૮ કલાકે ભજન-કિર્તન અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૪-૯ બુધવાર સવારે ૬ કલાકે ગણેશ સ્થાપન, ૮ થી ૧૧ યજ્ઞ પ્રારંભ, તા.૫-૯ ગુરૂવાર દરરોજ સાંજે ૫ કલાકે બટુક ભોજન, નેજાજીનાં સામૈયા, તા.૧૨-૯ ગુરૂવાર બપોરે ૨:૩૦ કલાકે નેજાજીનું રોપણ મુહુર્ત, સાંજે ૬ કલાકે નોમનો પ્રસાદ (દેગ) સાંજે ૫ કલાકે પાટના દર્શન, ૧૩-૯ શુક્રવાર સાંજે ૪ કલાકે સંતોનાં આશિર્વચન અને ધર્મસભા સાંજે ૪ કલાકે ચાદર વિધી (રમણીકબાપા) સાંજે ૫:૩૦ કલાકે તેમજ મહાપ્રસાદ સાંજનાં ૫ કલાકે, રામદેવજી મહારાજનાં જન્મોત્સવની ઉજવણી ભાદરવા સુદ ૧૧ તા.૧૪-૯નાં વહેલી સવારે ૪ કલાકે. શ્રીમદ ભાગવદ ગીતા પાઠ ભાવનાબેન નંદલાલભાઈ ભાદાણી ભાદરવા સુદ ૯ અને ૧૦ નાં સવારનાં ૯ થી ૧૨ રાખેલ છે. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રભરમાંથી સંતો, મહંતો ઉપસ્થિત રહી આશિર્ચન પાઠવશે. આ ઉત્સવમાં જુદા જુદા દાતાઓ તરફથી સહયોગ મળ્યો છે.

### સેવાના સરનામે ઉમળકા સાથે

## અમરેલી સારહિ તપોવન આશ્રમને રૂપિયા ૧૧ હજારનું અનુદાન આપ્યું

**પુત્ર જન્મદિવસ નિમિતે વૃધ્ધોને ભોજન કરાવાયું**



અમરેલી,

સેવાને સરનામે –ઉમળકા સાથે તા. ૨૨-૦૮-૨૦૨૪ નાં રોજ અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરાજીયા નાં સુપુત્ર શ્રી અથર્વ નાં જન્મ દિવસ નિમિત્તે સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ને ભોજન પ્રસાદ કરાવેલ ભોજન પ્રસાદ સહીત નું ૧૧,૦૦૦/- રૂ. નું અનુદાન આપેલ અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્રદ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ અવસરે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી ના પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી, કાર્યકારી પ્રમુખ શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી રૂજુલભાઈ ગોંડલીયા સહિત ના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ..સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

### પગાર નહીં થતાં જીવન નિર્વાહ કેમ કરવો ?

## ડેડાણ ગ્રા. પં. ના કર્મચારીઓ હડતાલમાં

**કર્મચારીઓ હડતાલ ઉપર જતાં પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઇટ બંધ**



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણ ગ્રામ પંચાયતના કર્મચારીઓને સાત સાત મહિનાથી પગાર નહીં થતાં તમામ કર્મચારીઓ આજે હડતાલ ઉપર ઉતરી જતાં પંચાયતનો વહીવટ ઠપ્પ થયો હતો. અને જેમાં પાણી પુરવઠો અને સ્ટ્રીટ લાઈટ બંધ થતાં ડેડાણ ગામ રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે. તો સતાધીશોને આવી જણકારી નહીં હોય તેવું લોક મુખે ચર્ચાઇ રહ્યુ છે. હાલ બજાર બોર્ડ અને પંચાયત કચેરીને તાળા લાગ્યા છે. જેથી સતાધીશોની મેલી મુરાદ હોય તેવું લાગી રહ્યાનું ગ્રામજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## અમરેલી સબ ડિવિઝનમાં દિવાળી દરમિયાન ફટાકડાનું વેચાણ કરવા પરવાનગી માટે ૨૭મી સુધીમાં અરજી કરવી

અમરેલી,

રાજય સરકારશ્રીની વખતોવખતની માર્ગદર્શિકાઓને અનુસરીને આ વર્ષે આગામી સમયમાં આવનારા દિવાળીનાં તહેવાર દરમિયાન અમરેલી સબ ડિવિઝનમાં આવેલા અમરેલી તાલુકામાં હંગામી/ટેમ્પરરી, દારુખાનું/ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેમને સુરક્ષિત મકાનમાં રક્ષિત ઘંધાથી ૫૦ (પચાસ) મીટર દૂર સળગી ન ઉઠે તેવા સિમેન્ટનાં પતરા, ગેલ્વેનાઈઝનાં પતરાનાં ત્રણ બાજુથી બંધ હોય તેવા કામચલાઉ શેડ નકકી કરવામાં આવે તે જગ્યા પર ઉભા કરી તેમાં દારુખાનું રાખવા તથા વેચાણ કરવા માટે ફોર્મ.નં.એ.ઈ.૦૫માં અરજી કરી નમૂના. નં. એલ. ઈ. ૦૫માં લાઈસન્સ મેળવવું ફરજિયાત છે. આ લાઈસન્સ માંગતા હોય તેમણે ફોર્મ.નં.એ.ઈ.-૦૫માં નિયત નમૂનામાં અમરેલી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીને તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં જરુરી આધાર જોડીને ત્રણ નકલમાં અરજી કરવી. અરજી સાથે અરજી ફોર્મ.નં.એ.ઈ.૦૫માં નિયત નમૂનામાં જ કરવી. અરજીમાં સંપૂર્ણ વિગતો સુવાચ્ય અને સચોટ રીતે ભરવી. અરજી ઉપર અરજદારશ્રીએ, પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો એક ફોટોગ્રાફ અચૂક લગાડવો. અરજી રુ.૦૩-૦૦ની કોર્ટ ફી સ્ટેમ્પ અચૂક લગાડવી. અરજી સાથે લાઈસન્સ ફી - રુ. ૯૦૦/- (નવસો) ‘૦૦૭૦--૬૦-૧૦૩-૦૦ ( અન્ય વહીવટી સેવાઓ, રિસિપ્ટ અંડર એક્સપ્લોઝિવ્સ એકટ વિગેરે)‘ સદરે ચલણથી સરકારમાં જમા કરાવી અસલ ચલણ ફરજિયાત સાથે સામેલ રાખવું. સૂચિત સ્થળનાં બ્લુ પ્રિન્ટ નકશામાં અરજદારશ્રીએ સહી કરી અરજી સાથે ૦૩(ત્રણ) નકલમાં રાખવા. સૂચિત સ્થળ માલિકી/ભાડા હક્ક ધરાવતાં હોવા અંગેનાં આધાર-પુરાવાઓ બિનચૂક સામેલ રાખવા. અધૂરી વિગતો કે સમય મર્યાદા વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ, તેમ અમરેલી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી અને પ્રાંત અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલામાં શિવ પાર્થિવપૂજન કરાયું



સાવરકુંડલા,

સાવરકુંડલા ખાતે સ્વામી શ્રી નિદોર્ષાનંદ સરસ્વતી આશ્રમે શ્રી આનંદેશ્રવર મહાદેવ ના સાનિધ્ય માં શ્રી શિવ પાયિવ લિંગ પૂજન કરવામાં આવ્યું હતું જેમાં વિશાળ સંખ્યામાં શિવભકતો પૂજન કરી ધન્યતા અનુભવી રહ્યા છે રવિવારે ચાર પ્રહરની શિવ પાર્થિવ પૂજન કરવામાં આવશે જેની અત્યારે શ્રી સ્વામી શ્રી નિદોર્ષાનંદ સરસ્વતી આશ્રમે ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે

### દોલતપરામાં મંદિર ચોરીનો આરોપી ઝડપાયો

જૂનાગઢ,

દોલતપરા ખાતેના ધુનેશ્વર મહાદેવ મંદિરમાં ચોરી કરનાર શખ્સને એલસીબીએ જીઆઇડીસીમાં દાન પેટી સાથે આટાફેરા કરતો પકડી પાડ્યો હતો. સીદી બાદશાહ જેવો દેખાતો શખ્સ જીઆઈડીસી વિસ્તારમાં કબૂતરી રંગની દાન પેટી સાથે આટા ફેરા કરતો હોવાની અને તેની પાસેની દાન પેટી ચોરીની હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલના સ્ટાફે ઘસી જઈ જીઆઈડીસી પાછળ આવેલ સોસાયટી વિસ્તારમાંથી દાન પેટી સાથે પકડી પાડ્યો હતો. દાન પેટી મુદ્દે પૂછતા સંતોષકારક જવાબ આપ્યો ન હતો. બાદમાં ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે લઈ જઈ પૂછપરછ કરતા આ શખ્સે તેનું નામ અમુ ઉર્ફે અબુ બાદશાહ કાસમ ઉમર બક્ષી પટણી હોવાનું અને શહેરમાં નરસિંહ વિદ્યામંદિર સામેની શેરીમાં રહેતો હોવાનું જણાવ્યું હતું.

## પાટીમાં ઇશાનેશ્વર મહાદેવની પુજા કરતાં મામલતદાર



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના પાટી ગામે આવેલા ઈશાનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાજુલા મામલતદારશ્રી દ્વારા પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવી.સમગ્ર લઘુરુદ્ર કાર્યકમની વ્યવસ્થા ભિખુભાઈ બોરિસાગર પત્રકાર દ્વારા કરવામાં આવેલ તે વેળાની તસ્વરીમાં નજરે પડે છે.

